# કલાપૂર્ણ સ્વાધ્યાય
# ૧૦

## ભાષ્યત્રયમ્ સાર્થ

• દિવ્યાશિષ દાતા •

પ.પૂ. આધ્યાત્મયોગી આ.ભ.શ્રી
કલાપૂર્ણસૂરીશ્વરજી મ.સા.

• શુભાશિષ દાતા •

પ.પૂ. મધુરભાષી આ.ભ.શ્રી
કલાપ્રભ સૂરીશ્વરજી મ.સા.

• સંપાદક •

પૂ. મુનિશ્રી અમિતયશ વિજયજી મ.સા.

શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ

અનંતલબ્ધિનિધાન શ્રી ગૌતમ સ્વામીને નમઃ

શ્રી પૂજ્ય જીત હીર કનક દેવેન્દ્ર કંચન

કલાપૂર્ણસૂરિ સદ્ગુરૂભ્યો નમઃ

શ્રી વિજય નેમિસૂરિ-જ્ઞાન શાળા
સ્થાન:
શેઠ ... અમદાવાદ.

# કલાપૂર્ણ સ્વાધ્યાય

## ૧૦

## ભાષ્યત્રયમ્ સાર્થ

**દિવ્યાશિષ દાતા**

પ.પૂ. આ. ભ. ગુરૂદેવ શ્રી કલાપૂર્ણ સૂ.મ.સા.

**શુભાશિષદાતા**

પ.પૂ. મધુરભાષી આ.ભ. શ્રી કલાપ્રભ સૂ. મ.સા.

**સંપાદક**

મુનિ અમિતયશ વિજયજી મ.સા.

નકલ : ૫૦૦

# કિંમત રૂ.૧૦-૦૦

મુદ્રક :
પાર્શ્વ કોમ્પ્યુટર ગ્રાફિક, અમદ[illegible]
મો.૯૨૨૭૨૧૧૭૯૭

## પ્રાપ્તિસ્થાન :

- શેઠ શ્રી ગાંડાલાલ ફ[illegible]
  આરાધના ભવન
  શંખેશ્વર દેરાસર પાસે,
  સત્યનારાયણ સોસાયટી,
  સાબરમતી, અમદાવાદ-૫.

# પ્રસ્તાવના

આપણા જીવનમાં જેમ જ્ઞાન અને ક્રિયા બંનેની જરૂર છે તેમ મૂળ ગાથા અને અર્થ બંનેની જરૂર છે. મૂળ ગાથા શીખીએ તો જ અર્થ શીખવાનું મન થાય. આ નાનકડી સ્વાધ્યાયની પુસ્તિકામાં ભાષ્યત્રયમ્ અર્થ બહુ જ ટૂંકમાં આપવામાં આવ્યા છે તે ચતુર્વિધ સંઘમાં ઉપયોગી બનશે.

આ અર્થનો અભ્યાસ કરીને જે આત્મા તેનું ચિંતન કરશે તે ઘણા પાપોથી બચી શકશે. પૂજ્ય શ્રી અત્યારે આપણી પાસે હાજર નથી. પરંતુ તેમના જીવનમાં જે સ્વાધ્યાયનો રસ હતો તે આજ પણ યાદ આવે છે. આવો રસ આપણે પણ જગાડીએ અને આત્માને પાવન બનાવીએ જીનાજ્ઞા વિરૂધ્ધ કાંઈ છપાવ્યું હોય તો ત્રિવિધે મિચ્છામી દુક્કડં.

પ્રેસાદિ દોષ સુધારીને વાંચવા વિનંતી.

વિ. સં. ૨૦૬૨ મહા સુદ ૪

શંખેશ્વર મહાતીર્થ — મુનિ અમિતયશ વિ.

આ પુસ્તકનો લાભ લેનાર :
સા. શ્રીસુદક્ષાશ્રીજી મ.સા.ની પ્રેરણાથી ટીંટોઈ જૈન જ્ઞાન ખાતાની રકમમાંથી આ પુસ્તક છપાવેલ છે.

આ પુસ્તક જ્ઞાનખાતાનું હોવાથી કોઈ ગૃહસ્થને જરૂર હોય તો રૂા.૧૦/- જ્ઞાન ખાતાની પેટીમાં નાખીને ઉપયોગ કરવો.

# શ્રી ચૈત્ય-વંદન ભાષ્ય

**વંદિતુ વંદણિજ્જે, સવ્વે ચિઈવંદણાઈ સુવિચારં ।**
**બહુ વિત્તિ-ભાસ-ચુણ્ણી,-સુયાણુસારેણ વુચ્છામિ ॥૧॥**

મંગળાચરણઃ વિષયઃ પરંપરા સંબંધઃ અધિકારીઃ પ્રયોજનઃ વંદન કરવા યોગ્ય સર્વજ્ઞોને (સર્વને) વંદન કરી, અનેક ટીકાઓ; ભાષ્યો; ચુર્ણિઓ; અને આગમો; અનુસાર ચૈત્યવંદન વગેરેનો સુવિચાર કહું છું. ॥૧॥

**દહતિગ-અહિગમ પણગં, દુદિસિ-તિહુગ્ગહ-તિહાઉ-વંદણયા ।**
**પણિવાય-નમુક્કારા, વણ્ણાસોલ-સય-સીલાયા ॥૨॥**

**૨૪ મુખ્ય દ્વારો - પેટા ભેદોની સંખ્યા સાથે.**

દશત્રિકઃ પાંચ અભિગમઃ બે દિશાઓઃ ત્રણ પ્રકારના અવગ્રહઃ ત્રણ પ્રકારની વંદનાઃ પ્રણિપાતઃ નમસ્કારઃ સોલસો સુડતાલીસ અક્ષરોઃ ॥૨॥

**ઈગસીઈ સયં તુ પયા, સગનઉઈ સંપયાઉ પણ દંડા ।**
**બાર અહિગાર ચઉ વંદણિજ્જ, સરણિજ્જ ચઉહ જિણા ॥૩॥**

એકસો એકયાસી પદોઃ સત્તાણુ સંપદાઓઃ પાંચ દંડકોઃ બાર અધિકારોઃ ચાર વંદન કરવા યોગ્યઃ સ્મરણ કરવા યોગ્યઃ ચાર પ્રકારના જિનેશ્વર ભગવંતોઃ ॥૩॥

**ચઉરો થુઈ. નિમિત્તટ્ઠ, બાર હેઊ અ સોલ આગારા ।**
**ગુણવીસ દોસ ઉસ્સગ્ગ-માણં થુત્તં ચ સગવેલા ॥૪॥**

ચાર સ્તુતિઓ આઠ નિમિત્તોઃ બાર હેતુઓઃ સોલ આગારોઃ ઓગણીસ દોષોઃ કાઉસગ્ગનું પ્રમાણઃ સ્તવનઃ સાત વેળા (ચૈત્યવંદન) ॥૪॥

**દસ આસાયણા-આઓ, સવ્વે ચિઈવંદણાઈ ઠાણાઈં ।**
**ચઉવીસ દુવારેહિં, દુસહસ્સા હુંતિ ચઉસયરા ॥૫॥**

**દશ આસાતનાઓનો ત્યાગઃ**

(એ) ચોવીસ દ્વારોને આશ્રયીને ચૈત્યવંદનામાં (ના) સર્વે સ્થાનો બે હજાર ચુમ્મોત્તેર (૨૦૭૪) છે. ॥૫॥

**તિન્નિ નિસીહી તિન્નિ ઉ, પયાહિણા તિન્નિ ચેવ ય પણામા ।**
**તિવિહા પૂયા ય તહા, અવત્થ-તિય-ભાવણં ચેવ ॥૬॥**

**૧. દશત્રિકઃ**

ત્રણ નિસીહિઃ ત્રણ પ્રદક્ષિણાઃ ત્રણ પ્રણામોઃ ત્રણ પ્રકારની પુજાઃ અને ત્રણ અવસ્થાની ભાવનાઃ ॥૬॥

**તિદિસિ નિરિક્‌ખણ-વિરઈ, પયભૂમિ-પમજ્જણં ચ તિક્‌ખુતો ।**
**વન્નાઈ-તિયં મુદ્દા-તિયં ચ તિવિહં ચ પણિહાણં ॥૭॥**

ત્રણ દિશા તરફ જોવાનો ત્યાગઃ ત્રણ વાર પગ નીચેની

જમીનનું પ્રમાર્જનઃ વર્ણ વગેરે ત્રણઃ મુદ્રાઃ અને ત્રણ પ્રકારનું પ્રણિધાનઃ ॥૭॥

**ઘર-જિણહર-જિણપૂઆ, વાવારચ્ચાયઓ નિસીહી-તિગં ।**
**અગ્ગ-દારે મજ્ઝે, તઈયા ચિઈ-વંદણા-સમએ ॥૮॥**

**૨. ત્રણ નિસીહિઓઃ**

મુખ્ય બારણે : વચમાંઃ અને ત્રીજી ચૈત્યવંદન વખતે : (અનુક્રમે) ઘરની : જિનમંદિરનીઃ અને (દ્રવ્ય) જિનપૂજાનીઃ પ્રવૃત્તિના ત્યાગને આશ્રયીને ત્રણ નિ સીહીઓ (થાય છે.) ॥૮॥

**અંજલિબદ્ધો, અદ્ધોણઓ અ પંચંગઓ અ તિ પણામા ।**
**સવ્વત્થ વા તિવારં, સિરાઈ-નમણે પણામ-તિયં ॥૯॥**

**૩. પ્રણામત્રિકઃ**

અંજલિબદ્ધઃ અર્ધાવનતઃ અને પંચાંગઃ એ ત્રણ પ્રણામો અથવા દરેક ઠેકાણે ત્રણવાર મસ્તક વગેરે (અંગો નમાવવાથી ત્રણ પ્રણામો (થાય છે.) ॥૯॥

**અંગગ્ગભાવ-ભેયા, પુષ્ફાહારથુઈહિ પૂયતિગં ।**
**પંચુવયારા અટ્ઠો-વયાર સવ્વોવયારા વા ॥૧૦॥**

**૪. પૂજાત્રિકઃ**

અંગઃ અગ્રઃ અને ભાવના ભેદે, પુષ્પઃ આહારઃ અને સ્તુતિ એ કરીને ત્રણ પૂજા અથવા પંચોપચારીઃ અષ્ટોપચારી અને સર્વોપચારી (એ ત્રણ પૂજા). ।।૧૦।।

**ભાવિજ્જ અવત્થતિયં, પિંડત્થ પયત્થ રૂવ-રહિયત્તં ।**
**છઉમત્થ કેવલિત્તં, સિદ્ધત્તં ચેવ તસ્સત્થો ।।૧૧।।**

## ૫. અવસ્થાત્રિકઃ

પિંડસ્થઃ પદસ્થઃ અને રૂપરહિત્વઃ એ ત્રણ અવસ્થા ભાવવી. અને છદ્મસ્થત્વઃ કેવલિત્વઃ અને સિદ્ધત્વઃ તેનો અર્થ છે. ।।૧૧।।

**ન્હવણચ્ચગેહિં છઉમત્થ-વત્થ પડિહારગેહિં કેવલિયં ।**
**પલિયંકુસ્સગ્ગેહિ અ, જિણસ્સ ભાવિજ્જ સિદ્ધત્તં ।।૧૨।।**

જિનેશ્વર ભગવંતના સ્નાનઃ અને પૂજાઃ વડે છદ્મસ્થ અવસ્થાઃ પ્રાતિહાર્યો વડે કેવળિપણું પર્યંકાસનઃ તથા કાઉસ્સગ્ગઃ વડે સિદ્ધપણું ભાવવું. ।।૧૨।।

**ઉડ્ઢાહો તિરિઆણં, તિદિસાણ નિરિક્ખણં ચઈજ્જહવા ।**
**પચ્છિમ-દાહિણ-વામણ, જિણમુહન્નત્થ-દિટ્ઠિ-જુઓ ।।૧૩।।**

## ૬. દિશિ-નિરીક્ષણ વર્જન-ત્રિકઃ

જિનેશ્વર ભગવંતના મુખ ઉપર સ્થાપિત દૃષ્ટિવાળા

થઈને ઉપરઃ નીચેઃ અને આજુબાજુઃ અથવા પાછળઃ જમણીઃ અને ડાબીઃ (એ) ત્રણ દિશાઓ તરફ જોવાનો ત્યાગ કરવો. ॥૧૩॥

**વન્નતિયં વન્નત્થા ડડલંબણમાલંબણ તુ પડિમાઈ ।**
**જોગ-જિણ-મુત્તસુત્તી, મુદ્દાભેએણ મુદ્દતિયં ॥૧૪॥**

**૭. વર્ણાદિ-ત્રિકઃ અને મુદ્રાત્રિકઃ**

અક્ષર (શબ્દ) અને અર્થ તથા પ્રતિમા વગેરેનું આલંબનઃ એ વર્ણાદિ આલંબનત્રિક છે.

અને યોગમુદ્રાઃ જિનમુદ્રાઃને મુકતાશુકિત મુદ્રાઃ એ ભેદ વડે મુદ્રાતિક છે. ॥૧૪॥

**અન્નુન્નંતરિઅંગુલિ-કોસાગારેહીં દોહિં હત્થેહીં ।**
**પિટ્ટોવરિ કુપ્પર, સંઠિએહિં તહ જોગમુદ્દત્તિ ॥૧૫॥**

**યોગ મુદ્રાઃ**

પરસ્પરના આંતરાઓમાં આંગળીયો ગોઠવી ડોડાના આકારે બનાવી પેટ ઉપર કોણી રાખેલા, બે હાથ વડે થયેલા આકારવાળી મુદ્રા તે યોગ મુદ્રા છે. ॥૧૫॥

**ચત્તારિ અંગુલાઈ, પુરઓ ઊણાઈ જત્થ પચ્છિમઓ**
**પાયાણં ઉસ્સગ્ગો, એસા પુણ હોઈ જિણમુદ્દા ॥૧૬॥**

**જિન મુદ્રાઃ**

અને જેમાં, પગનું અંતરઃ આગલ-ચાર આંગળઃ અને પાછળ કંઈક ઓછુંઃહોય એ-જિનમુદ્રા. ॥૧૬॥

**મુત્તાસુત્તી મુદ્દા, જત્થ સમા દોવિ ગબ્ભિઆ હત્થા ।**
**તે પુણ નિલાડદેસે, લગ્ગા અન્ને અલગ્ગત્તિ ॥૧૭॥**

**મુકતા-શુકિતમુદ્રાઃ**

જેમાં, સરખા બન્ને ય હાથ ગર્ભિત રાખી અને તે લલાટ પ્રદેશને અડાડેલા હોયઃ કોઈ આચાર્ય કહે છે, કે- "અડાડેલા ન હોય" તે - મુકતાશુકિત મુદ્રાઃ ॥૧૭॥

**પંચંગો પણિવાઓ, થયપાઢો હોઈ જોગમુદ્દાએ ।**
**વંદણં જિણમુદ્દાએ, પણિહાણં મુત્તસુત્તીએ ॥૧૮॥**

**ત્રણ મુદ્રાનો ઉપયોગઃ**

પંચાંગ પ્રણિપાતઃ અને સ્તવપાઠઃ યોગમુદ્રા એઃ વંદન જિનમુદ્રાએઃ અને પ્રણિધાનઃ મુકતાશુકિતમુદ્રાએઃ થાય છે. ॥૧૮॥

**પણિહાણતિગં ચેઈઅ-મુણિવંદણ-પત્થણા સરૂવં વા ।**
**મણ-વચ-કાએગત્તં, સેસ-તિયત્થો ય પયડુત્તિ ॥૧૯॥**

**૮.પ્રણિધાનત્રિકઃ**

ચૈત્યવંદનઃ મુનિવંદનઃ અને પ્રાર્થનાસ્વરૂપઃ અથવા

મનઃ વચનઃ કાયાઃનું એકાગ્રપણુંઃ એ-પ્રણિધાનત્રિક (ગણાય છે.) અને બાકીના (બે) ત્રિકોનો અર્થ સરળ છે. (દશ ત્રિક પૂરા) ॥૧૯॥

**સચ્ચિત્તદવ્વમુજ્ઝણ-મચ્ચિત્તમણુજ્ઝણં મણે ગત્તં ।**
**ઈગ-સાડિ ઉત્તરાસંગુ અંજલી સિરસિ-જિણ-દિટ્ઠે ॥૨૦॥**

**૨. પાંચ અભિગમો :**

સચિત્ત વસ્તુઓ છોડી દેવી. અચિત્ત વસ્તુઓ રાખવી. મનની એકાગ્રતાઃ એક શાટક ઉત્તરાસંગ અને જિનેશ્વર પરમાત્માને જોતાની સાથે જ મસ્તકે અંજલિ જોડવીઃ ॥૨૦॥

**ઈઅ પંચવિહાભિગમો, અહવા મુચ્ચંતિ રાયચિણ્હાઈ ।**
**ખગ્ગં છત્તોવાણહ, મઉડં ચમરે અ પંચમએ ॥૨૧॥**

**બીજી રીતે પાંચ અભિગમ :**

એ પાંચ પ્રકારનો અભિગમ અથવા તલવારઃ છત્રઃ મોજડીઃ મુગુટ અને પાંચમું ચામરઃ એ રાજચિહ્નો બહાર મૂકી દે છે. ॥૨૧॥

**વંદંતિ જિણે દાહિણ, દિસિટ્ઠિઆ પુરિસ વામદિસિ નારી ।**
**નવકર જહન્ન સટ્ઠિકર, જિટ્ઠ મજ્ઝુગ્ગહો સેસો ॥૨૨॥**

### ૩. બે બાજુ:

જમણી બાજુએ ઊભા રહેલા પુરૂષો અને ડાબી બાજુએ ઊભી રહેલી સ્ત્રીઓ: જિનેશ્વર પ્રભુને વંદન કરે.

### ૪. અવગ્રહ :

જઘન્ય: નવ હાથ: ઉત્કૃષ્ટ - સાઠ હાથ:બાકીનો - મધ્યમ અવગ્રહ છે. ॥૨૨॥

**નમુક્કારેણ જહન્ના, ચિઈવંદણ મજ્ઝ દંડ-થુઈ-જુઅલા ।**
**પણ દંડ-ચુઈ-ચઉક્કગ, થયપણિહાણેહિં ઉક્કોસા ॥૨૩॥**

### ૫. ત્રણ પ્રકારનાં વંદનો:

નમસ્કાર વડે જઘન્ય: દંડક અને સ્તુતિ યુગલ વડે મધ્યમ પાંચ દંડક, ચાર સ્તુતિ, સ્તવન અને પ્રણિધાનો વડે ઉત્કૃષ્ટ ચૈત્યવંદના થાય છે. ॥૨૩॥

**અન્ને બિંતિ ઈગેણં, સક્કત્થએણં જહન્ન-વંદણયા ।**
**તદ્દુગ-તિગેણ મજ્ઝા, ઉક્કોસા ચઉહિં પંચહી વા ॥૨૪॥**

### તેમાં મતાન્તર

બીજા આચાર્ય ભગવંતો કહે છે કે - " એક નમુત્થુણં વડે જઘન્ય: બે કે ત્રણ વડે મધ્યમ: અને ચાર કે પાંચ વડે ઉત્કૃષ્ટ (ચૈત્ય) વંદના થાય છે. ॥૨૪॥

**૬.પંચાંગ પ્રણિપાતઃ**

**બે ઘુંટણઃ બે હાથ નેઃ મસ્તકઃ એ પાંચ અંગે પ્રણિપાત નમસ્કાર થાય છે.**

**પણિવાઓ પંચંગો, દો જાણૂ કરદુગુતમંગં ચ ।**
**સુમહત્થ નમુક્કારા, ઈગ દુગ તિગ જાવ અટ્ઠસયં ॥૨૫॥**

**૭. સ્તુતિઃ**

એક, બે, ત્રણથી માંડીને ઠેઠ એકસો આઠઃ સુધીના ઉત્તમઃ અને વિશાળ અર્થોથી ભરેલા શ્લોકો - કડીઓ વડે (સ્તુતિ કરીને) નમસ્કારો થાય છે. ॥૨૫॥

**અડસટ્ઠિ અટ્ઠવીસા, નવનઉયસયં ચ દુસય-સગનઉયા ।**
**દોગુણતીસા દુસટ્ઠા, દુસોલ અડનઉયસય દુવન્નસયં ॥૨૬॥**

**૮. કુલ અક્ષરોઃ**

અડસટ્ઠઃ અટ્ઠાવીસઃ એકસો નવાણુંઃ બસો સત્તાણું બસો ઓગણત્રીસઃ બસો સાઠઃ બસો સોળઃ એકસો અટ્ઠાણું એકસો બાવનઃ ॥૨૬॥

**ઈઅ નવકાર-ખમાસમણ, ઈરિઅ-સક્કત્થઆઈ દંડેસુ ।**
**પણિહાણેસુ અ અદુરુત્ત, વન્ના સોલસય સીયાલા ॥૨૭॥**

એ પ્રમાણે - નવકારઃ ખમાસમણઃ ઈરિયાવહિયંઃ અને

શકસ્તવ: વગેરે દંડકોમાં: અને પ્રણિધાનોમાં સર્વ મળી બીજી વાર નહિ બોલાયેલા સોળસો સુડતાળીસ (અક્ષરો છે) ॥૨૭॥

**નવ બત્તીસ ત્તિત્તીસા, તિચત્ત અડવીસ સોલ વીસ પયા ।**
**મંગલ ઈરિયા-સક્કત્થયાઈસુ એગસીઈસયં ॥૨૮॥**

**૯. કુલ - પદો:**

મંગળસૂત્ર - નવકાર: ઈરિયાવહિય: ને શકસ્તવ: વગેરેમાં (અનુક્રમે) નવ: બત્રીસ: તેત્રીસ: તેંતાલીસ: અટ્ઠાવીસ સોળ: ને વીસ: (સર્વ મળી) એકસો એકયાસી (પદો) છે. ॥૨૮॥

**અટ્ઠ નવટ્ઠ ય અટ્ઠવીસ, સોલસ ય વીસ વીસામા ।**
**કમસો મંગલ-ઈરિયા, સક્કત્થયાઈસુ સગનઉઈ ॥૨૯॥**

**૧૦. કુલ સંપદાઓ:**

મંગળ સૂત્ર : ઈરિયાવહિયં ને શક્રસ્તવ: વગેરે અનુક્રમે આઠ: આઠ: નવ: આઠ: અટ્ઠાવીસ: સોળ: અને વીસ: (એમ સર્વે મળી) સત્તાણું સંપદાઓ- વિસામાઓ છે. ॥૨૯॥

**વણ્ણટ્ઠસટ્ઠિ નવ પય, નવકારે અટ્ઠ સંપયા તત્થ ।**
**સગ સંપયા પયતુલ્લા, સત્તરક્ખર અટ્ઠમી દુ પયા ॥૩૦॥**

**એક એક સૂત્રમાં અક્ષરો: પદો: અને સંપદાઓ:**

નવકારમાં - અક્ષરો - અડસઠ: પદો: - નવને સંપદાઓ

આઠઃ છે. તેમાં સાત સંપદાઓ પદ પ્રમાણે છે. અને સત્તર અક્ષરોવાળી આઠમી સંપદા બે પદોવાળી છે. ॥૩૦॥

(પરંતુ) આઠમી સંપદા નવ અક્ષરોવાળીને છટ્ઠી સંપદા બે પદોવાળી છે (એમ બીજા આચાર્ય ભગવંતો કહે છે.)

**પણિવાય અક્ખરાઈં, અટ્ઠાવીસં તહા ય ઈરિયાએ ।**
**નવનઉઅ-મક્ખરસયં, દુતીસ પય સંપયા અટ્ઠ ॥૩૧॥**

**પ્રણિપાત તથા ઈરિયાવહિયં સૂત્રમાં -**

પ્રણિપાતમાં અક્ષરોઃ અટ્ઠાવીસ તથા ઈરિયાવહિયંમાં એકસો નવાણું અક્ષરોઃ બત્રીસ-પદોઃ ને સંપદા-આઠઃ છે. ॥૩૧॥

**દુગ દુગ ઈગ ચઉ ઈગ પણ, ઈગાર છગ ઈરિય-સંપયાઈપયા ।**
**ઈચ્છા ઈરિ ગમ પાણા, જે મે એગિંદિ અભિ તસ્સ ॥૩૨॥**

**તેની સંપદાઓના આદિ પદોઃ**

ઈરિયાવહિયંમાં - બેઃ બેઃ એકઃ ચારઃ એકઃ પાંચઃ અગિયારઃ અને છઃ પદો સંપદાઓમાં છે. આદિપદો ઈચ્છામિ ઈરિયાવહિયાએઃ ગમણાગમણેઃ પાણક્કમણેઃ જે મે જીવા વિરાહિયાઃ એગિંદિયાઃ અભિહયાઃ તસ્સ ઉત્તરીકરણેણં ॥૩૨॥

**અબ્ભુવગમો નિમિત્તં, ઓહે-અરહેઉ-સંગહે પંચ ।**
**જીવ-વિરાહણ- પડિક્કમણ, ભેયઓ તિન્નિ ચૂલાએ ॥૩૩॥**

**તેનાં નામો**

સ્તોતવ્યઃ ઓઘ-સામાન્ય હેતુઃ વિશેષ હેતુઃ ઉપયોગઃ તદ્ધેતુઃ સવિશેષોપ યોગઃ સ્વરૂપ હેતુઃ નિજસમફલદઃ ને મોક્ષઃ સંપદા છે. ॥૩૫॥

**દો સગનઉઆ વન્ના, નવસંપય પય તિત્તીસ સક્કત્થએ ।**
**ચેઈયથયટ્ઠ-સંપય, તિચત્ત-પય વન્ન-દુસયગુણતીસા ॥૩૬॥**

**શકસ્તવ તથા ચૈત્યસ્તવમાં**

શકસ્તવમાં બસોસત્તાણુ અક્ષરોઃ નવ સંપદાઓઃ ને તેત્રીસ પદોઃ છે. ચૈત્યસ્તવમાં :- આઠ સંપદાઓઃ તેંતાલીશ પદોઃ અને બસો ઓગણત્રીસ અક્ષરો છે. ॥૩૬॥

**દુ છ સગ નવ તિયછ ચ્ચઉ-છપ્પન્ન ચિઈસંપયા પયા પઢમા ।**
**અરિહં વંદણ સદ્ધા, અન્ન સુહુમ એવ જા તાવ ॥૩૭॥**

**સંખ્યા અને પદો**

ચૈત્યસ્તવની સંપદાઓ:- બેઃ છઃ સાતઃ નવઃ ત્રણ ૠઃ ચારઃ ને છ પદોવાળી છે. પહેલા પદો - અરિહંત ચેઈયાણ વંદાણવતિયાએ સદ્ધાએઃ અન્નત્થ ઉસસિએણં સુહુમેહિ અંગસંચાલેહિ એવમાઈએહિં આગારેહિઃ જાવ અરિહંતાણંઃ તાવ કાયં ॥૩૭॥

**અબ્ભુવગમો નિમિત્તં, હેઉ ઈગ બહુ વયંત આગારા ।**
**આગંતુગ આગારા, ઉસ્સગ્ગાવહિ સરૂવટ્ઠ ॥૩૮॥**

## તે સંપદાઓનાં નામો

અભ્યુપગમઃ નિમિત્તઃ હેતુઃ એકવચનાન્ત આગાર બહુવચનાન્ત આગારઃ આગંતુક આગારઃ કાયોત્સર્ગનો અવધિ અને સ્વરૂપઃ એ આઠ (નામ) છે. ॥૩૮॥

**નામથયાઈસુ સંપય, પયસમ અડવીસ સોલ વીસ કમા ।**
**અદુરુત-વન્ન દોસટ્ઠ દુસયસોલ-ટ્ઠનઉઅસયં ॥૩૯॥**

નામસ્તવાદિકમાં સંપદાઓ પદો જેટલી છે. અનુક્રમે અઠ્યાવીશઃ સોળ ને વીસ છે. અને ફરીથી નહિ બોલાયેલા અક્ષરો - બસો સાઠઃ બસો સોળઃ ને એકસો અટ્ઠાણુ છે. ॥૩૯॥

**પણિહાણિ દુવન્નસયં, કમેણ સગ તિ ચઉવીસ તિત્તીસા ।**
**ગુણતીસ અટ્ઠાવીસા, ચઉતી-સિગતીસ બાર ગુરુવન્ના ॥૪૦॥**

## ત્રણ પ્રણિધાનોમાં

પ્રણિધાનોમાં - એકસો બાવન (અક્ષર) છે.

**ગુરુ એટલે જોડેલા અક્ષરો**

અનુક્રમે - સાતઃ ત્રણઃ ચોવીસઃ તેત્રીસ, ઓગણત્રીસ. અઠ્યાવીશઃ ચોત્રીસઃ એકત્રીસઃ અને બારઃ ગુરુ - જોડેલા અક્ષરો - વ્યંજનો છે. ॥૪૦॥

**પણદંડા સક્કત્થય, ચેઈઅ નામ સુઅ સિદ્ધત્થ ઈત્થ ।**
**દો ઈગ દો દો પંચ ય, અહિગારા બારસ કમેણ ॥૪૧॥**

**૧૧. પાંચ દંડક : અને ૧૨. અધિકારો**

અહિ - શકસ્તવઃ ચૈત્યસ્તવઃ નામસ્તવઃ શ્રુતસ્તવઃ સિદ્ધસ્તવઃ એ પાંચ દંડક છે. (તેમાં) અનુક્રમે બેઃ એકઃ બેઃ બેઃ અને પાંચઃ (એમ) બાર અધિકારો છે. ॥૪૧॥

**નમુ જેઅ અ અરિહં લોગ, સવ્વ પુક્ખ તમ સિદ્ધ જો દેવા ।**
**ઉજ્જિં ચત્તા વેઆ, વચ્ચગ અહિગારા પઢમપયા ॥૪૨॥**

**૧૨. અધિકારની મર્યાદા**

એ અધિકારોના પહેલા પદો - નમુઃ જે અ૦ઃ અરિહં લોગ્ગસઃ સવ્વલોએઃ પુકખરવરઃ તમતિમિરઃ સિદ્ધાણં બુદ્ધાણંઃ જો દેવાણઃ ઉજ્જિંતઃ ચત્તારિઃને વેયાવચ્ચગઃ ॥૪૨॥

**પઢમ-હિગારે વંદે, ભાવજિણે બીયઅંમિ ઉ દવ્વજિણે ।**
**ઈગચેઈય-ઠવણ જિણે, તઈય ચઉત્થંમિ નામજિણે ॥૪૩॥**

### ૧૨ અધિકારના વિષયો

પહેલા અધિકારમાં ભાવજિનેશ્વરોનેઃ બીજામાં દ્રવ્ય જિનેશ્વરોનેઃ ત્રીજામાં એક દહેરાસરમાં રહેલા સ્થાપના જિનેશ્વરોને અને ચોથામાં નામ જિનેશ્વરોને વંદના કરું છું. ॥૪૩॥

**તિહુઅણ-ઠવણ જિણે પુણ, પંચમએ વિહરમાણ જિણ છટ્ઠે ।**
**સત્તમએ સુયનાણં, અટ્ઠમએ સવ્વ-સિદ્ધથુઈ ॥૪૪॥**

વળી, પાંચમામાં ત્રણે જગતમાં રહેલા સ્થાપના જિનેશ્વરોનઃ છઠ્ઠામાં વિચરતા જિનેશ્વરોનેઃ સાતમામાં શ્રુતજ્ઞાનને (વંદન) આઠમામાં સર્વ સિદ્ધ પરમાત્માઓની સ્તુતિ છે. ॥૪૪॥

**તિત્થાહિવ - વીરથુઈ, નવમે દસમે ય ઉજ્જયંત થુઈ ।**
**અટ્ઠાવયાઈ ઈગદિસિ, સુદિટ્ઠિસુર-સમરણા ચરિમે ॥૪૫॥**

નવમામાં શાસનના અધિપતિ શ્રી વીર પ્રભુની સ્તુતિ દશમામાં શ્રી ગિરનાર તીર્થની સ્તુતિઃ અગિયારમામાં અષ્ટાપદ વગેરે તીર્થોની (સ્તુતિ) અને છેલ્લા (અધિકાર)માં સમ્યગ્દષ્ટિ દેવોનું સ્મરણ છે. ॥૪૫॥

**નવ અહિગારા ઈહ લલિઅવિત્થરાવિત્તિમાઈ અણુસારા ।**
**તિન્નિ સુય-પરંપરયા, બીઓ દસમો ઈગારસમો ॥૪૬॥**

**એ અધિકારોને શાસ્ત્રનો આધાર**

અહિ નવ અધિકાર લલિતવિસ્તરાવૃત્તિ વગેરે અનુસારે છે, અને બીજો, દશમો અને અગિયારમોઃ એ ત્રણ શ્રુતપરંપરાએ છે. ॥૪૬॥

**આવસ્સય-ચુણ્ણીએ, જે ભણિયં સેસયા જહિચ્છાએ ।**
**તેણં ઉજ્જિંતાઈ વિ, અહિગારા સુયમયા ચેવ ॥૪૭॥**

**આવશ્યક ચૂર્ણિનું પ્રમાણ**

જે કારણથી - આવશ્યક ચૂર્ણિમાં "બાકીના અધિકારો ઈચ્છા પ્રમાણે" એમ કહ્યું છે, તે કારણથી શ્રી ગિરનાર વગેરે (ત્રણ) અધિકાર પણ આગમની આજ્ઞા રૂપ જ છે. ॥૪૭॥

**બીઓ સુયત્થયાઈ, અત્થઓ વન્નિઓ તહિં ચેવ ।**
**સક્કત્થયંતે પઢિઓ, દવ્વારિહ-વસરિ પયડત્થો ॥૪૮॥**

બીજો અધિકાર પણ ત્યાં (આવ૦ ચૂ૦માં) શ્રુતસ્તવની શરૂઆતમાં અર્થરૂપે કહ્યો છે., તે દ્રવ્ય અરિહંતોને (વાંદવાના) પ્રસંગે શકસ્તવને છેડે ગોઠવ્યો છે, (તેનું કારણ) સ્પષ્ટ છે. ॥૪૮॥

**અસઢાઈન્નણવજ્જં ગીઅત્થ અવારિઅં તિ મજ્ઝત્થા ।**
**આચરણા વિ હુ આણત્તિ, વયણઓ સુબહુ મન્નંતિ ॥૪૦॥**

**પ્રામાણિક આચરણ**

અશઠઆચાર્યે આચરેલ (આચરણા જો) નિર્દોષ હોય, તો મધ્યસ્થ ગીતાર્થો તેને નિષેધતા નથી, પરંતુ "તેવી આચરણા પણ પ્રભુની આજ્ઞા જ છે." એવું આગમવચન હોવાથી તેનો બહુમાનપૂર્વક સ્વીકાર કરે છે. ॥૪૯॥

**ચઉ વંદણિજ્જ જિણં મુણિ, સુય સિદ્ધા ઈહ સુરાઈ ।**
**સરણિજ્જા, ચઉહ જિણા નામ-ઠવણ-દવ્વ- ભાવ-જિણં -ભોએણં ॥૫૦॥**

અહિ (ચૈત્યવં૦માં) શ્રી જિનેશ્વર ભગવંતો મુનિરાજાઓ શ્રુતજ્ઞાનઃ અને સિદ્ધ પરમાત્માઓ એ ચાર વાંદવા લાયક છે.

**૧૪. સ્મરણ કરવા લાયક**

અને શાસનદેવોઃ સંભારવા લાયક છે.

**૧૫. ચાર પ્રકારના જિનેશ્વરો**

નામ જિનેશ્વરઃ સ્થાપના જિનેશ્વરઃ દ્રવ્ય જિનેશ્વર અને ભાવ જિનેશ્વરઃ એ ભેદોથી જિનેશ્વર ભગવંતો ચાર પ્રકારના કહ્યા છે. ॥૫૦॥

**નામજિણા જિણનામ, ઠવણાજિણા પુણ જિણંદપડિમો ।**
**દવ્વજિણા જિણજીવા, ભાવજિણા સમવસરણત્થા ॥૫૧॥**

## ચાર પ્રકારના જિનેશ્વરોનું સ્વરૂપ

જિનેશ્વર ભગવંતનું નામ, તે નામ જિનેશ્વરઃ અને શ્રી જિનેન્દ્ર ભગવંતોની પ્રતિમાઓ, તે સ્થાપના જિનેશ્વરઃ શ્રી જિનેશ્વર ભગવંતોના (પહેલાની અને પછીની અવસ્થાવાળા) જીવો, તે દ્રવ્ય જિનેશ્વરઃ અને સમવસરણમાં બેઠેલા પ્રભુ, તે ભાવ જિનેશ્વરો. ।।પ૧।।

**અહિગય-જિણ-પઢમથુઈ, બીયા સવ્વાણ તઈઅ નાણસ્સ ।**
**વેયાવચ્ચગરાણં, ઉવઓગત્થં ચઉત્થ થુઈ ।।પ૨।।**

## ૧૬. ચાર સ્તુતિઓ

પહેલી થોય અમુક એક ખાસ જિનેશ્વર ભગવંતની બીજી સર્વ જિનેશ્વરોની ત્રીજી જ્ઞાનની અને ચોથી થોય વૈયાવૃત્ય કરનાર શાસનદેવોના ઉપયોગ માટેની છે. ।।પ૨।।

**પાવખવણત્થ ઈરિઆઈ, વંદણવત્તિઆઈ છ નિમિત્તા ।**
**પવયણ-સુર-સરણત્થં, ઉસ્સગ્ગો ઈઅ નિમિત્તટ્ઠ ।।પ૩।।**

## ૧૭. આઠ નિમિત્તો

પાપ ખપાવવા માટે ઈરિયાવહિયં, વંદણવત્તિયાએ વગેરે છ નિમિત્તો, અને શાસનદેવને સંભારવા માટે કાઉસ્સગ્ગ, એ આઠ નિમિત્ત છે. ।।પ૩।।

**ચઉ તસ્સ ઉત્તરીકરણ-પમુહ સદ્ધાઈઆ ય પણ હેઊ ।**
**વેયાવચ્ચગરત્તાઈ, તિન્નિ ઈઅ હેઉ બારસગં ॥૫૪॥**

**૧૮ બાર હેતુઓ**

તસ્સઉત્તરીઃ વગેરે ચાર સદ્ધાએ વગેરે પાંચ અને વેયાવચ્ચગરાણં વગેરે ત્રણઃ એ પ્રમાણે બાર હેતુઓ છે. ॥૫૪॥

**અન્નત્થયાઈ બારસ, આગારા એવમાઈયા ચઉરો ।**
**અગણી- પણિંદિ છિંદણ-બોહી-ખોભાઈ ડક્કો ય ॥૫૫॥**

**૧૯.બાર અથવા સોળ આગારો**

અન્નત્થઉસસિએણં વગેરે બાર આગાર અને એવમાઈએહિં વગેરે ચાર આગાર તે અગ્નિનો પંચેન્દ્રિયની આડ (અથવા વધ)નો, રાજાદિકથી ગભરાટનો, અને સર્પનો. ॥૫૫॥

**ઘોડગ લય ખંભાઈ, માલુદ્ધી નિઅલ સબરિ ખલિણ વહૂ ।**
**લંબૂત્તર થણ સંજઈ, ભમુહંગુલિ વાયસકવિટ્ઠો ॥૫૬॥**

**૨૦.કાઉસગ્ગના ઓગણીશ દોષો**

ઘોડક - લતા - સ્તંભાદિ - માળ - ઉદ્ધિ - નિગડ - શબરી - ખલિન - વધુ - લંબુત્તર - સ્તન- સંયતિ - ભ્રમિતાંગુલી - વાયસ-ને કપિત્થ ॥૫૬॥

**સિરકંપ મૂઅ વારુણિ, પેહત્તિ થઈજ્જ દોસ ઉસ્સગ્ગે ।**
**લંબુત્તર થણ સંજઈ, ભમુહંગુલિ વાયસકવિટ્ઠો ॥૫૬॥**

શિર-કંપ-મુક-વારુણી અને પ્રેક્ષણઃ એ પ્રમાણે દોષો કાઉસ્સગ્ગમાં તજવા. એમાં - સાધ્વીજીને લંબુત્તરઃ સ્તન અને સંયતિ દોષ ન લાગે, ને વધૂદોષ સહિત શ્રાવિકાને ન લાગે. ॥૫૭॥

**ઈરિ ઉસ્સગ્ગપમાણં, પણવીસુસ્સાસ અટ્ઠ સેસેસુ ।**
**ગંભીર-મહુર-સદ્દં, મહત્થ-જુત્તં હવઈ થુત્તં ॥૫૮॥**

## ૨૧. કાઉસગ્ગનું પ્રમાણ

ઈરિયાવહિયંના કાઉસ્સગ્ગનું પ્રમાણ - પચ્ચીસ શ્વાસોચ્છ્વાસઃ અને બાકીના કાઉસ્સગ્ગોમાં આઠઃ શ્વાસોચ્છ્વાસનું પ્રમાણ.

## ૨૨. સ્તવનના ગુણો

સ્તવન - ગંભીર આશયવાળું મધુર શબ્દોવાળું અને વિશાળ ભાવાર્થવાળું હોવું જોઈએ. ॥૫૮॥

**પડિકમણે ચેઈય જિમણ, ચરિમ પડિકમણ સુઅણ પડિબોહે ।**
**ચિઈવંદણ ઈઅ જઈણો, સત્ત ઉ વેલા અહોરત્તે ॥૫૯॥**

## ૨૩ સાત ચૈત્યવંદનો

પ્રતિક્રમણ વખતે દહેરાસરમાં: ગોચરી વખતે છેલ્લા પ્રહરમાં: પ્રતિક્રમણમાં સૂવાના સમયે ને જાગવાના સમયે, એ પ્રમાણે મુનિ મહારાજને એક દિવસ - રાતમાં સાત વેળા ચૈત્યવંદન કરવાનું હોય છે. ।।૫૯।।

**પડિકમઓ ગિહિણોવિ હુ, સગવેલા પંચવેલ ઈઅરસ્સ ।**
**પૂઆસુ તિસંઝાસુ અ, હોઈ તિ-વેલા જહન્નેણ ।।૬૦।।**

## શ્રાવકને ચૈત્યવંદન ક્યારે કરવાં

પ્રતિક્રમણ કરતાં ગૃહસ્થને પણ સાત વખત, બીજાને પાંચ વખત, અને જઘન્યથી ત્રણ સંધ્યાકાળની ત્રણ પૂજાઓમાં ત્રણ વેળા હોય જ. ।।૬૦।।

**તંબોલ પાણ ભોયણ, વાણહ મેહુન્ન સુઅણ નિટ્ઠવણં ।**
**મુત્તું-ચ્ચારં જુઅં, વજ્જે જિણનાહ-જગઈએ ।।૬૧।।**

## ૨૪. દશ આશાતના

શ્રી જિનેશ્વરના દહેરાસરની જગતીમાં પાનસોપારી ખાવા, પાણી પીવું, ભોજન કરવું, પગરખાં પહેરી રાખવા, સ્ત્રીભંગ કરવો, સૂઈ જવું, થુંકવું, પેશાબ કરવો, ઝાડે ફરવું, જુગાર રમવો એ ન કરવાં. ।।૬૧।।

**ઈરિનમુકાર નમુત્થણં, અરિહંત થુઈ ચોગ સવ્વ થુઈ પુક્ખ ।**
**થુઈ સિદ્ધા વેઆ થુઈ, નમુત્થુ જાવંતિ થય જયવી ॥૬૨॥**

## દેવવંદન વિધિ

ઈરિયાવહિયં, નમસ્કાર, નમુત્થુણં, અરિહંત, થોય, લોગસ્સ, સવ્વલોએ૦, થોય પુક્ખરવરદી, થોય, સિદ્ધાણં વેયાવચચ, થોય, નમુત્થુણં, જાવંતિ૦ (બે) સ્તવન, અને જયવીયરાય ॥૬૨॥

**સવ્વોવાહિ વિશુદ્ધં એવં જો વંદએ સયા દેવે ।**
**દેવિંદવિંદ-મહિઅં, પરમપયં પાવઈ લહું સો ॥૬૩॥**

## ઉપસંહાર

એ પ્રમાણે જે કોઈ સર્વ ઉપાધિ વડે વિશુદ્ધ થઈને દરરોજ શ્રી જિને[illegible] દેવને વંદના કરે, તે દેવના ઈન્દ્રો વડે અથવા શ્રી દે[illegible] સ્તુતિ કરાયેલા મોક્ષપદને જલદી પ્રાપ્ત કરે ।

# શ્રી ગુરુવંદન ભાષ્ય

**ગુરુવંદણ-મહ તિવિહં, તં ફિટ્ટા છોભ બારસાવત્તં ।**
**સિરનમણાઈસુ પઢમં, પુણ્ણ-ખમાસમણ-દુગિ બીઅં ॥૧॥**

## ગ્રન્થ સંબંધ : વંદનના પ્રકાર

હવે ગુરુવંદન તે ત્રણ પ્રકારે છે : તે ફિટ્ટા છોભ અને દ્વાદશવર્તઃ પહેલું થોભ મસ્તક નમાવવા વગેરેથી અને બીજું સંપૂર્ણ બે ખમાસમણ દેવાથી ॥૧॥

**જહ દુઓ રાયાણં, નમિઉં કજ્જં નિવેઈઉં પચ્છા ।**
**વીસજ્જિઓ વિ વંદિઅ, ગચ્છઈ એમેવ ઈત્થં દુગં ॥૨॥**

## બે વંદનનું કારણ

જેમ, દૂત રાજાઓને નમસ્કાર કરી, પછી કાર્ય નિવેદન કરે, પછી વિસર્જન કરાયા પછી પણ નમસ્કાર કરીને જાય છે. એ પ્રમાણે જ અહિ બે (ખમાસમણ દેવાય છે.) ॥૨॥

**આયારસ્સ ઉ મૂલં, વિણઓ સો ગુણવઓ અ પડિવત્તી ।**
**સા ય વિહિ-વંદણાઓ, વિહી ઈમો બારસાવત્તે ॥૩॥**

## વંદનની આવશ્યકતા

આચારનું મૂળ તો વિનય છે, તે ગુણવાનની ભક્તિ છે, તે (ભક્તિ) વિધિપૂર્વક વંદના કરવાથી થાય છે, અને એ વિધિ દ્વાદશાવર્ત વંદનમાં છે. ॥૩॥

**તઈયં તુ છંદણ-દુગે, તત્થ મિહો આઈમં સયલસંઘે**
**બીયં તુ દંસણીણ ય, પયટ્ઠિઆણં ય તઈયં તુ ॥૪॥**

**કયું વંદન કોને કોને કરાય ?**

અને ત્રીજા પ્રકારનું વંદન તે બે વાંદણાં તેમાંનું પહેલું વંદન ચતુર્વિધ સંઘમાં પરસ્પરઃ બીજું તો મુનિમહારાજોને અને ત્રીજું તો પદવીધર મુનિમહારાજોને. ॥૪॥

**વંદણ-ચિઈ-કિઈકમ્મં, પૂઆકમ્મં ચ વિણયકમ્મં ચ ।**
**કાયવ્વં કસ્સ વ કેણ, વાવિ ? કાહેવ ? કઈ ખુત્તો ॥૫॥**

વંદનના - નામો વગેરે આવશ્યક નિર્યુક્તિ સૂચિત દ્વારો વંદનકર્મઃ ચિતિકર્મઃ કૃતિકર્મઃ પૂજાકર્મ અને વિનય કર્મ- કોને અથવા કોણે ? અથવા કયારે ? અથવા કેટલીવાર ? કરવું ॥૫॥

**કઈ ઓણયં કઈ સિરં, કઈહિં અ આવસ્સએહીં પરિસુદ્ધં ? ।**
**કઈ દોસ વિપ્પમુક્કં, કિઈકમ્મં કીસ કીરઈ વા ॥૬॥**

વન્દન : કેટલા નમનવાળું ? કેટલા શીર્ષ નમસ્કારવાળું ? કેટલા આવશ્યકો વડે વિશુદ્ધ ? કેટલા દોષ વિનાનું ? અને શા માટે ? કરાય છે. ॥૬॥

**પણનામ પણાહરણા, અજુગ્ગપણ જુગ્ગપણ ચઉ અદાયા ।**
**ચઉદાય પણનિસેહા, ચઉઅણિસેહ ઢકારણયા ॥૭॥**

**મુખ્ય દ્વારો**

પાંચ નામઃ પાંચ દષ્ટાંતઃ પાંચ પ્રકારના વંદનને અયોગ્યઃ પાંચ પ્રકારના વંદન યોગ્યઃ વંદન કરાવવાને અયોગ્ય ચારઃ ચાર લાયકઃ વંદન કરનારના પાંચ નિયમો : ચાર સ્થાને નિષેધ નહિઃ આઠ કારણો : ॥૭॥

**આવસ્સય મુહણંતય, તણુપેહ-પણીસ-દોસ બત્તીસા ।**
**છગુણ ગુરુઠવણ દુગ્ગહ, દુછવીસક્ખર ગુરુ પણ વીસા ॥૮॥**

પચ્ચીસ આવશ્યકઃ પચ્ચીસ મુહપત્તિની પડિલેહણા શરીરની પડિલેહણાઃ બત્રીશ - દોષ : છ ગુણઃ ગુરૂ મહારાજની સ્થાપનાઃ બે અવગ્રહઃ બસો છવ્વીશ અક્ષરઃ પચ્ચીશ જોડા અક્ષરઃ ॥૮॥

**પય અડવન્ન છ ઠાણા, છ ગુરુવયણા આસાયણ-તિત્તીસં ।**
**દુવિહી-દુવીસ-દારેહિં, ચઉસયા બાણઉઇ ઠાણા ॥૯॥**

અટ્ઠાવન પદ છ સ્થાનઃ ગુરુ મહારાજના છ વચનઃ તેત્રીસ આશાતના બે વિધિઃ (એ બાવીશ દ્વારો વડે ગુરૂવંદના) ચારસો બાણુ સ્થાન પ્રકાર છે. ॥૯॥

**વંદણયં ચિઈકમ્મં, કિઈકમ્મં વિણયકમ્મ પૂઅકમ્મં**
**ગુરુવંદણ પણ નામા, દવ્વે ભાવે દુહાહરણા (દુહોહેણ) ॥૧૦॥**

**૧. ગુરુવંદનના પાંચ નામ**

વંદન કર્મઃ ચિતિકર્મ - કૃતિકર્મ- પૂજા કર્મ અને વિનયકર્મ એ ગુરૂવંદનાના પાંચ નામ છે. અને તે ઓઘથી (સામાન્ય રીતે દ્રવ્યથી, ને ભાવથી એમ બે બે પ્રકારે છે (અથવા દરેકના દ્રવ્યથી તે ભાવથી એમ બબ્બે પ્રકારના ઉદાહરણ છે. ) ॥૧૦॥

**સીયલય ખુડ્ડએ વીર, કન્હ સેવગ દુ પાલએ સંબે ।**
**પંચે એ દિટ્ઠંતા, કિઈકમ્મે દવ્વ-ભાવેહિં ॥૧૧॥**

**૨. દ્રવ્યઃ અને ભાવઃ વન્દનનાં દ્રષ્ટાંતો**

ગુરૂવંદનમાં દ્રવ્યથી અને ભાવથી શીતલાચાર્યઅને ક્ષુલ્લક સાધુ, વીરાશાલવી અને કૃષ્ણ બે રાજસેવક, પાલકકુમાર અને શાંબકુમાર એ પાંચ દષ્ટાતો છે. ॥૧૧॥

**પાસથ્થો ઓસન્નો, કુસીલ સંસત્તઓ અહાછંદો ।**
**દુગ-દુગતિ દુગણેગવિહા, અવંદણિજ્જા જિણમયંમિ ॥૧૨॥**

**૩. અવંદનીય - ૫**

બે: બે: ત્રણ: બે અને અનેક પ્રકારના પાર્શ્વસ્થ: અવસન્ન: કુશીલ: સંસકત અને યથાછંદ સાધુ શ્રી જૈન દર્શનમાં વંદન કરવા યોગ્ય નથી. ॥૧૨॥

**આયરિય ઉવજ્ઝાએ, પવત્તિ થેરે તહેવ રાયણિએ ।**
**કિઈકમ્મ નિજ્જરટ્ઠા, કાયવ્વ મિમેસિ પંચણ્હં ॥૧૩॥**

**૪. વંદન કરવા યોગ્ય - ૫**

આચાર્ય ઉપાધ્યાય: પ્રવર્તક: સ્થાવિરા તેમજ રત્નાધિક: એ પાંચને વંદન કરવાથી થતી નિર્જરાનો લાભ મેળવવા વંદન કરવું જ જોઈએ. ॥૧૩॥

**માય પિય જિટ્ઠભાયા, ઓમાવિ તહેવ સવ્વ રાયણિએ ।**
**કિઈકમ્મં ન કારિજ્જા, ચઉસમણાઈ કુણંતિ પુણો ॥૧૪॥**

**૫. અવંદનીય-૪**

માતા-પિતા મોટાભાઈ તેમજ ઓછા દીક્ષા પર્યાયવાળા છતાં સર્વ રત્નાધિક: પાસે વંદન કરાવવું નહીં અને બાકીના સાધુ આદિ (ચતુર્વિધ સંઘ પરસ્પર) વંદના કરે. ॥૧૪॥

**વિક્ખિત્ત પરાહુત્તે, અપમત્તે મા કયાઈ વંદિજ્જા ।**
**આહારં નિહારં, કુણમાણે કાઉ-કામે ય ॥૧૫॥**

### ૬. વંદન કરવાના અનવસર- ૫

વ્યાકુળ ચિત્તવાળા મ્હોં ફેરવીને બેઠા હોય, પ્રમાદમાં હોય આહાર, નિહાર કરતા હોય અથવા કરવાની તૈયારીમાં હોય તો કદી પણ વાંદવા નહિ ॥૧૫॥

**પસંતે આસણત્થે અ ઉવસંતે ઉવટ્ઠિએ ।**
**અણુન્નવિત્તુ મેહાવી, કિઈકમ્મં પઉંજઈ ॥૧૬॥**

### ૭-૮. વંદન કરવાના અવસર-૪

સ્વસ્થ: આસન પર બરાબર બેઠેલા: શાન્ત: બરોબર અભિમુખ: એવા ગુરુને, અનુજ્ઞા મળેલા ડાહ્યા શિષ્યે વંદન કરવું. ॥૧૬॥

**પડિકમણે, સજ્ઝાએ, કાઉસગ્ગાડવરાહ પાહુણએ ।**
**આલોચણ સંવરણે, ઉત્તમટ્ઠે ય વંદણયં ॥૧૭॥**

### ૯. વંદન કરવાનાં નિમિત્તો - ૮

પ્રતિક્રમણ: સ્વાધ્યાય: કાઉસગ્ગ માટે અપરાધ ખમાવવા: પ્રાહુણા (તરીકે કોઈ નવા મુનિ આવે તે) આલોચના પ્રત્યાખ્યાન: અને સંલેખનાદિક મહાન કાર્ય

એ (આઠ નિમિત્તે) દ્વાદશાવર્ત વંદન કરવું. ॥૧૭॥

**દોવણય-મહાજાયં, આવત્તા બાર ચઉસિર તિગુત્તં ।**
**દુપવેસિગ નિક્ખમણં, પણવીસાવસય કિઈકમ્મે ॥૧૮॥**

### ૧૦. દ્વાદશાવર્ત વંદનના આવશ્યકોઃ ૨૫

દ્વાદશાવર્ત વંદનમાં બે અવનતઃ એક યથાજાત મુદ્રાબાર આવર્તઃ ચાર શીર્ષનમનઃ ત્રણ ગુપ્તિ બે વાર પ્રવેશઃ અને એકવાર બહાર નિકળવું. એ પચ્ચીસ આવશ્યક છે. ॥૧૮॥

**કિઈકમ્મંપિ કુણંતો, ન હોઈ કિઈકમ્મ-નિજ્જરા-ભાગી ।**
**પણવીસા - મન્નયરં, સાહૂ ઠાણં વિરાહંતો ॥૧૯॥**

### ૨૫. આવશ્યક બરાબર ન સાચવવાથી વિરાધના થાય છે.

વંદન કરવા છતાં સાધુ એ પચીસમાંના કોઈ એક આવશ્યકની પણ વિરાધના કરે, તો વંદન ક્રિયાથી થતી કર્મની નિર્જરાનો ભાગીદાર ન થાય. ॥૧૯॥

**દિટ્ઠિ-પહિલેહ એગા, છ ઉઢ્ઢ-પપ્ફોડ તિગ-તરિઆ ।**
**અક્ખોડ પમજ્જણયા નવ નવ મુહપત્તિ પણવીસા ॥૨૦॥**

### ૧૧. મુહપત્તિની પડિલેહણા - ૨૫

એક દષ્ટિ પડિલેહણાઃ છ ઉર્ધ્વ પ્રસ્ફોટક અને ત્રણ ત્રણને આંતરે નવ અખ્ખોડાઃ અને નવ પ્રમાર્જના એ મુહપત્તિની પચીસ (પડિલેહણા) ।।૨૦।।

**પાયાહિણેણ તિઅ તિઅ, વામેઅર બાહુ સીસ મુહહિયએ।**
**અંસુદ્ધાહો પિટ્ઠે, ચઉ છપ્પય દેહ-પણવીસા ।।૨૧।।**

**૧૨. શરીરની પડિલેહણા -૨૫**

પ્રદક્ષિણાના ક્રમે ડાબો અને જમણો હાથ મસ્તક મુખઃ અને છાતીઃ ત્રણ ત્રણ, બે ખભાની .પર અને નીચે પાછળની ચારફ અને પગની છઃ એમ શરીરની પચીસ પડિલેહણા ।।૨૧।।

**આવસ્સએસુ જહ જહ, કુણઈ પયત્તં અહીણ-મઈરિત્તં ।**
**તિવિહ-કરણોવઉત્તો, તહ તહ સે નિજ્જરા હોઈ ।।૨૨।।**

**વંદનમાં સાવધાનતા**

ત્રણ પ્રકારના કરણમાં ઉપયોગવાળી આવશ્યકોમાં જેમ જેમ ઓછો નહિ તેમ - અધિક નહિ એવો પ્રયત્ન કરે. તેમ તેને નિર્જરા થાય ।।૨૨।।

દોસ અણાઢિઅ થદ્ધિઅ, પવિદ્ધ પરિપિંડિઅં ચ ટોલગઈ ।
અંકુસ કચ્છભ-રિંગિઅ, મચ્છુવ્વત્તં મણપઉટ્ઠં ॥૨૩॥

વેઈયબદ્ધ ભયંત, ભય ગારવ મિત્ત કારણા તિન્નં ।
પડિણીય રુટ્ઠ તજ્જિય, સઢ હીલિઅ વિપલિઉ-ચિયયં ॥૨૪॥

દિટ્ઠમદિટ્ઠં સિંગં, કર તમ્મોઅણ અણિદ્ધણાલિદ્ધં ।
ઉણં ઉત્તર ચૂલિઅં મૂઅં ઢટ્ઠર ચુડલિયં ચ ॥૨૫॥

## ૧૩. દોષ-૩૨

અનાદત - સ્તબ્ધ -પ્રવિદ્ધ -પરિપિંડિત - ટોલગતિ - અંકુશ -કચ્છપરિંગિત: મત્સ્યોદ્‌વૃત: મન:પ્રદુષ્ટ: વેદિકાબદ્ધ: ભજન્ત-ભય - ગારવ - મિત્ર - કારણ સ્તેન - પ્રત્યનિક - રુષ્ટ -તર્જિત - શઠ -હીલિત - વિપરિકુંચિત: દષ્ટાદષ્ટ-શૃંગ - કર - કરમોચન - આશ્લિષ્ટ - અનાશ્લિષ્ટ, - ઉણ -ઉત્તરચૂડ - મૂક - ઢઙ્ઢર - અને ચુડલિક: એ બત્રીશ દોષો છે. ॥૨૩ -૨૪- ૨૫-॥

બત્તીસદોસ -પરિસુદ્ધં કિઈકમ્મં જો પઉંજઈ ગુરૂણં ।
સો પાવઈ નિવ્વાણં, અચિરેણ વિમાણવાસં વા ॥૨૬

## નિર્દોષ વંદનનું ફલ

જે, ગુરુ મહારાજને બત્રીસ દોષ વિનાનું દ્વાદશાવર્ત વંદન કરે, તે અલ્પકાળમાં મોક્ષ અથવા વિમાનવાસ પામે છે. ॥૨૬॥

**ઈહ છચ્ચ ગુણા વિણઓ-વચાર માણાઈભંગ ગુરુપૂઆ ।**
**તિત્થયરાણ ય આણા, સુઅધમ્માડડરાહણા કિરિયા ॥૨૭॥**

**૧૪ વંદન નામ પરિણામો - ૬ ગુણ**

વંદન કરવામાં વિનયોપચારઃ અભિમાન વગેરેનો નાશઃ ગુરુજનની પૂજાઃ શ્રી જિનેશ્વર ભગવંતની આજ્ઞાનું આરાધનઃ શ્રુતધર્મનું આરાધનઃ અને અક્રિયાઃ એ છ ગુણ (ઉત્પન્ન થાય) છે. ॥૨૭॥

**ગુરુગુણજુતં તુ ગુરું, ઠાવિજ્જા અહવ તત્થ અક્ખાઈ ।**
**અહવા નાણાઈ - તિઅં, ઠવિજ્જ સક્ખં ગુરૂઅભાવે ॥૨૮॥**

**૧૫. ગુરૂની સ્થાપના**

સાક્ષાત્ ગુરુને અભાવે ગુરુ મહારાજ જેવા ગુણવાળા ગુરુ સ્થાપવા, અથવા તે ઠેકાણે અક્ષ વગેરે, અથવાજ્ઞાન વગેરેનાં (ઉપકરણ) ત્રણ સ્થાપવાં. ॥૨૮॥

**અક્ખે વરાડએ વા, કટ્ઠે પુત્થે અ ચિત્તકમ્મે અ ।**
**સબ્ભાવ-મસબ્ભાવં, ગુરુઠવણા - ઈત્તરાવકહા ॥૨૯॥**

ગુરુની સ્થાપના અક્ષમાં: કોડામાં:કાષ્ટમાં. પુસ્તકમાં અને ચિત્રકામમાં કરાય છે.

સ્થાપના સદ્દ્ભાવ: અને અસદ્દ્ભાવ:, ઈત્વર: અને યાવત્કથિત: એમ બે-બે પ્રકારની છે. ॥૨૯॥

**ગુરુવિરહંમિ ઠવણા, ગુરુવએસોવદંસણત્થં ચ ।**
**જિણવિરહંમિ જિણબિંબ - સેવણાડડમંતણં સહલં ॥૩૦॥**

**સ્થાપનાનું દષ્ટાન્ત**

શ્રી જિનેશ્વર ભગવંતના અભાવે જેમ શ્રી જિનેશ્વર ભગવંતની પ્રતિમાની સેવા અને આમંત્રણ સફળ થાય છે. તેમ ગુરુ મહારાજના અભાવે ગુરુના ઉપદેશ અને દર્શન માટે સ્થાપના સફળ છે. ॥૩૦॥

**ચઉદિસિ ગુરુગ્ગહો ઈહ, અહુટ્ઠ તેરસ કરે સપરપક્ખે ।**
**અણણુન્નાયસ્સ સયા, ન કપ્પએ તત્થ પવિસેઉં ॥૩૧॥**

**૧૬. અવગ્રહ**

અહીં ગુરુ મહારાજનો અવગ્રહ સ્વપક્ષમાંને પરપક્ષમાં ચારેય દિશાએ સાડા ત્રણ હાથ અને તેર હાથ હોય છે.

તેમાં આજ્ઞા લીધા વિના પ્રવેશ કરવાનું કોઈ વાર કલ્પે નહિ. ॥૩૧॥

**પણતિગ બારસ દુગતિગ, ચઉરો છટ્ઠાણ પય ઈગુણતીસં ।**
**ગુણતીસ સેસ આવસ્સસાઈ સવ્વપય અડવન્ના ॥૩૨॥**

**· ૧૮. વંદનસૂત્રના પદો - ૧૮**

છ સ્થાનમાં પાંચઃ ત્રણઃ બારઃ બેઃત્રણઃ નેચારઃ મળી ઓગણત્રીસ, અને બાકીના આવસ્સિયાએ વગેરે ઓગણત્રીસ પદો (છે) એમ સર્વ પદો અટ્ઠાવન છે. ॥૩૨॥

**ઈચ્છા ય અનુન્નવન્ના, અવ્વાબાહં ચ જત્ત જવણા ય ।**
**અવરાહ-ખામણા વિ ય, વંદણ-દાયરસ છટ્ઠાણા ॥૩૩॥**

**૧૯. શિષ્યના ૬ બોલ**

ઈચ્છાઅનુજ્ઞા અવ્યાબાધ - સંયમયાત્રા શરીર શાંતિ અને અપરાધની ક્ષમાપનાઃ વંદન કરનારના એ સ્થાનો છે. ॥૩૩॥

**છંદેણડણુજાણામિ, તહત્તિં તુબ્ભંપિ વટ્ટએ એવં ।**
**અહમવિ ખામેમિ તુમં, વયણાઈ વંદણરિહસ્સ ॥૩૪॥**

**૨૦. ગુરુના ૬ બોલ**

છંદેણઃ અણુજાણામિઃ તહતિઃ તુબ્ભંપિવટ્ટએ એવંઃ અને

અહમવિ ખામેમિ તુમં એ વંદન કરવા યોગ્ય ગુરુનાં છ વચનો છે.

**પુરઓ પક્ખાસન્ને, ગતા ચિટ્ઠણ નિસીઅણાડડચમણે ।**
**આલોયણ પડિસુણણે, પુવ્વાડડલણે અ આલોએ ॥૩૫॥**

**તહ ઉવદંસ નિમંતણ, ખદ્ધાડડયચણે તહા અપડિસુણણે ।**
**ખદ્ધત્તિં ચ તત્થ ગએ, હિં તુમ તજ્જાય નોસુમણે ॥૩૬॥**

**નો સરસિ કહં છિત્તા, પરિસંભિતા અણુટ્ઠિયાઈ કહે ।**
**સંથાર-પાયઘટ્ટણ, ચિટ્ઠુ-ચ્ચ-સમાસણે આવિ ॥૩૭॥**

## ૨૧. આશાતના - ૩૩

આગળ બાજુમાં અને નજીક - ચાલવું. ઉભા રહેવું: અને બેસવું: આચમન: આલોચન: અપ્રતિશ્રવણ: પૂર્વાલાપન: અને પૂર્વાલોચન: ઉપદર્શન: નિમંત્રણ: ખદ્ધદાન: ખદ્ધાદન: અપ્રતિ-શ્રવણ: ખદ્ધ તત્રગત: શું ? તું તજ્જાત: નો સ્મરણ: કથાછેદ: પરિષદ્‌ભેદ: ન ઉઠેલી સભાને કથા કહેવી: સંથારાને પગ અડાડવા અને તેમાં બેસવું: ઉંચે તથા સરખે: આસને બેસવું. ॥૩૫-૩૬-૩૭॥

**ઈરિયા કુસુમિણુસગ્ગો, ચિઈવંણ પુત્તિ વંદણાડડલોયં**
**વંદણ ખામણ વંદણ, સંવર ચઉછોભ દુસજ્ઝાઓ ॥૩૮॥**

## ૨૨ વિધિ-૨

## સવારનો સંક્ષિપ્ત ગુરૂવંદન વિધિ

ઈરિયા કુસુમિણ (દુસુમિણ)નો કાઉસ્સગ્ગ, ચૈત્યવંદન - મુહપત્તિ બે વંદનકઃ આલોચનઃ વંદનકઃ ખામણાઃ વંદનકઃ પચ્ચક્ખાણઃ ચાર છોભ વંદનઃ બે આદેશ અને સ્વાધ્યાય ॥૩૮॥

**ઈરિયા ચિઈવંદણ પુત્તિ-વંદણ ચરિઅવંદણાડડલોયં ।**
**વંદણા ખામણ ચઉછોભ, દિવસુસ્સગ્ગો દુસજ્ઝાઓ ॥૩૯॥**

## સાંજનો સંક્ષિપ્ત ગુરૂવંદન વિધિ

ઈરિયાઃ ચૈત્યવંદનઃ મુહપત્તિ બે વંદનકઃ દિવસ ચરિત્ર પચ્ચક્ખાણઃ બે વંદનકઃ આલોચનાઃ બે વંદનકઃ ખામણા ચાર છોભ વંદનઃ દેવસિય પાયચ્છિત્તનો કાઉસગ્ગઃ અને આદેશપૂર્વક સ્વાધ્યાય ॥૩૯॥

**એયં કિઈકમ્મ-વિહિં, જુંજતા ચરણ-કરણ-માઉત્તા ।**
**સાહૂ ખવંતિ કમ્મં, અણેગભવ-સંચિય-મણંતં ॥૪૦॥**

એ પ્રમાણે ગુરુવંદનની વિધિ કરનારા અને

ચરણસિત્તરિ તથા કરણસિત્તરિમાં ઉપયોગવાળા સાધુ મહારાજ અનેક ભવોમાં એકઠાં કરેલા અનંત કર્મો ખપાવે છે. ॥૪૦॥

**અપ્પમઈ ભવ્વ બોહત્થ, ભાસિયં વિવરિયં ચ જમિહ મએ ।**
**તં સોહંતુ ગીયત્થા, અણભિનિવેસી અમચ્છરિણો ॥૪૧॥**

## ગ્રંથકારનું અંતિમ વચન

મેં, ઓછી બુદ્ધિવાળા ભવ્ય જીવોને સમજ પડે તે માટે કહ્યું છે, તેમાં જે કાંઈ વિપરીત હોય, તે કદાગ્રહ વિનાના અને ઈર્ષ્યા વિનાના ગીતાર્થ પુરુષોએ સુધારી લેવું. ॥૪૧॥

# શ્રી પચ્ચક્ખાણ ભાષ્ય

**દસ પચ્ચક્ખાણ ચઉવિહિ, આહાર દુવીસગાર અદુરુત્તા ।**
**દસ વિગઈ તીસ વિગઈ - ગય દુહભંગા છ સુદ્ધિ ફલં ॥૧॥**

દશ પચ્ચક્ખાણઃ ચાર પ્રકારની વિધિ તથા આહાર ફરીથી નહિ ઉચ્ચરાએલા બાવીશ આગારઃ દશ વિગઈઃ ત્રીસ નિવિયાતાં બે પ્રકારના ભાંગાઃ છ વિશુદ્ધિઃ અને ફળ ॥૧॥

**અણાગય-મઈક્કંતં, કોડીસહિયં નિયંટિ અણગારં ।**
**સાગાર નિરવસેસં, પરિમાણકડં સકે અદ્ધા ॥૨॥**

### ૧. દશ પચ્ચક્ખાણ

અનાગતઃ અતિકાન્તઃ કોટિસહિતઃ નિયંત્રિતઃ અનાગાર સાગારઃ નિરવશેષઃ પરિમાણ કૃતઃ સાંકેતિકઃ અને અદ્ધાં ॥૨॥

**નવકારસહિઅ પોરિસિ, પુરિમટ્ટે-ગાસણેઅગઠાણે અ ।**
**આયંબિલ અભત્તટ્ઠે, ચરિમે અ અભિગ્ગહે વિગઈ ॥૩॥**

### દશ કાળ પચ્ચક્ખાણ

નવકારસહિતઃ પોરિસીઃ પુરિમટ્ઠઃ એકાશન, એકલઠાણું, આયંબિલઃ ઉપવાસઃચરિમઃ અભિગ્રહઃઅને વિગઈઃ ॥૩॥

**ઉગ્ગએ સૂરે અ નમો, પોરિસિ પચ્ચક્ખ ઉગ્ગએ સૂરે ।**
**સૂરે ઉગ્ગએ પુરિમં, અભત્તટ્ઠ પચ્ચખાઈ ત્તિ ॥૪॥**

**ભણઈ ગુરૂ સીસોપુણ, પચ્ચક્ખામિ ત્તિ એવ વોસિરઈ ।**
**ઉવઓગિત્થ પમાણં, ન પમાણં વંજણચ્છલણા ॥૫॥**

## ૨. ચાર પ્રકારની ઉચ્ચારવિધિ

નવકારસહિતના પચ્ચક્ખાણમાં "ઉગ્ગએ સૂરે", પોરિસિના પચ્ચક્ખાણમાં "ઉગ્ગએસૂરે" પુરમઢ્ઢ અને ઉપવાસમાં "સૂરે ઉગ્ગએ" "પચ્ચક્ખાઈ" એમ ગુરુ કહે, ત્યારે પણ શિષ્ય "પચ્ચક્ખામિ" એમ કહે, એ પ્રમાણે વોસિરાઈ વખતે. અહીં ઉપયોગ પ્રમાણ છે, અક્ષરની ભૂલ પ્રમાણ નથી ગણાતી. ॥૪-૫॥

**પઢમે ઠાણે તેરસ, બીએ તિન્નિં ઉ તિગાઈ તઈઅંમિ ।**
**પાણસ્સ ચઉત્થંમિ, દેસાવગસાઈ પંચમએ ॥૬॥**

## ઉચ્ચાર - ભેદો

પહેલા સ્થાનમાં તેર: બીજામાં ત્રણ: અને ત્રીજામાં ત્રણ: ચોથામાં પાણસ્સના: અને પાંચમામાં દેશાવગાશિક: વગેરેનો (ઉચ્ચાર થાય છે.) ॥૬॥

**નમુ પોરિસિ સટ્ઠા, પુરિમ-વટ્ટ અંગુટ્ટમાઈ અડ તેર ।**
**નિવિ વિગંઈ બિલ તિય તિય, દુ ઈગાસણ એગઠાણાઈ ॥૭॥**

## સ્થાનોમાં ઉચ્ચાર પદો

નવકારસી: પોરિસી:સાઢ: પોરિસી: પુરિમઢ: અવઢને અંગુટ્ટ સહિયં આદિઆઠ: મળીને તેર, નીવિ: વિગઈ: અને આયંબિલ: એ ત્રણ, બિઆસણ: એકાસણ: અને એકલઠાણુ એ ત્રણ. ॥૭॥

**પઢમંમિ ચઉત્થાઈ, તેરસ બીયંમિ તઈઅ પાણસ્સ ।**
**દેસાવગાસં તુરિએ, ચરિમે જહ સંભવં નેયં ॥૮॥**

પહેલા ઉચ્ચાર સ્થાનમાં ચોથ ભકતાદિ: બીજામાં તેર ત્રીજામાં પાણસ્સ, ચોથામાં દેશાવકાશિક: અને ચરિમ - છેલ્લામાં (પાંચમામાં યથાસંભવ જાણવું) ॥૮॥

**તહ મજ્ઝ પચ્ચક્ખાણેસુ ન પિહુ સૂરુગ્ગ-યાઈ વોસિરઈ ।**
**કરણવિહી ઉ ન ભન્નઈ, જહાવસીયાઈબિઅછંદે ॥૯॥**

બીજા વાંદણામાં જેમ "આવસ્સિઆએ" પદ ફરીથી કહેવાતું નથી, તેમ વચલા પચ્ચક્ખાણોમાં "સૂરે ઉગ્ગએ" વગેરે અને "વોસિરઈ" જુદા જુદા કહેવા નહિ, કેમ કે (એવો) ક્રિયાવિધિ છે. ॥૯॥

**તહ તિવિહ પચ્ચક્ખાણે, ભન્નંતિ અ પાણગરસ આગારા ।**
**દુવિહાહારે અચ્ચિત્ત, -ભોઈણો તહ ય ફાસુજલે ॥૧૦॥**

તથા તિવિહારના પચ્ચક્ખાણમાં અચિત્તભોજીના દુવિહારમાં તેમજ પ્રાસુક જળના પચ્ચક્ખાણમાંઃ પાણસ્સના (છ) આગાર કહેવાય છે. ॥૧૦॥

**ઈત્તુચ્ચિય ખવણંબિલ - નિવિયાઈસુ ફાસુયં ચિયં જલં તુ ।**
**સડ્ઢા વિ પિયંતિ તહા, પચ્ચક્ખંતિ ય તિહાહારં ॥૧૧॥**

એટલા માટે જ, ઉપવાસઃ આયંબિલઃ અને નીવિઃ વગેરેમાં શ્રાવકો પણ પ્રાસુક જળ જ પીએ છે, અને તિવિહારનું પચ્ચક્ખાણ કરે છે. ॥૧૧॥

**ચઉહાહારં તુ નમો, રત્તિપિ મુણીણ સેસ તિહ-ચઉહા ।**
**નિસિ પોરિસિ પુરિમેગાસણાઈ સડ્ઢાણ દુતિ-ચઉહા ॥૧૨॥**

નવકારશી અને મુનિ મહારાજનાં રાત્રિનાં પણ પચ્ચક્ખાણો ચઉવિહારમાં જ હોય, અને રાત્રિનાં પચ્ચક્ખાણો તિવિહાર અથવા ચઉવિહારવાળાં હોય, અને રાત્રિનાં પચ્ચક્ખાણોઃ પોરિસી વગેરેઃ પુરિમઠ્ઠ વગેરેઃ અને એકાશન વગેરે પચ્ચક્ખાણોઃ શ્રાવકોને દુવિહાર, તિવિહાર અથવા ચઉવિહાર હોય ॥૧૨॥

**ખુહપસમ- ખમેગાગી, આહારિ વ એઈ દેઈ વા સાયં ।**
**ખુહિઓ વ ખિવાઈ કુટ્ઠે, જં પંકુવમં તમાહારો ॥૧૩॥**

**૩. ચાર પ્રકારનો આહાર**

એકલો પદાર્થ ક્ષુધા શમાવવામાં સમર્થ હોયઃ અથવા આહાર સાથે ભળેલો હોય; અથવા સ્વાદ આપતો હોયઃ અથવા કાદવ સરખો હોવા છતાં પણ ભૂખ્યો થયેલો માણસ પેટમાં જે ઉતારી જાયઃ તે આહાર ગણાય ॥૧૩॥

**અસણે મુગ્ગો-ચણ-સત્તુ-મંડ-પય-ખજ્જ-રબ્બ-કંદાઈ ।**
**પાણે કંજિય જવ કયર, કક્કડો-દગ સુરાઈજલં ॥૧૪॥**

અશનમાં - મગઃ ઓદનઃ સાથવોઃ માંડા - દુધઃ ખાજા વગેરે. ખાદ્યઃ રાબઃ અને કંદઃ વગેરે. અને પાનમાં કાંજીનું જવનુંઃ કેરાંનું કાકડીનું પાણી તથા મદિરાઃ વગેરેનું પાણી છે. ॥૧૪॥

**ખાઈમેભત્તોસ ફલાઈ, સાઈમે સુંઠિ જીર અજમાઈ ।**
**મહુ ગુડ તંબોલાઈ, અણાહારે મોય નિંબાઈ ॥૧૫॥**

ખાદિમમાં - ભુંજેલા ધાન્ય અને ફળઃ વગેરે સ્વાદિમમાં સુંઠઃ જીરુઃ અજમોઃ વગેરે તથા મધઃ ગોળફળમાં પાનઃ સોપારી વગેરે, અને અણાહારીમાં મૂત્ર અને લીંબડો વગેરે છે. ॥૧૫॥

**દો નવકારિ છ પોરિસિ, સગ પુરિમડ્ઢે ઈગાસણે અટ્ઠ ।**
**સત્તેગઠાણિ અંબિલિ, અટ્ઠ પણ ચઉત્થિ છ પ્પાણે ॥૧૬॥**

### ૪. બાવીશ આગાર

નવકારશીમાં બે, પોરિસીમાં છ, પુરિમઢ્ઢમાં સાત, એકાશનમાં આઠ, એકલઠાણમાં સાત, આયંબિલમાં આઠ, ઉપવાસમાં પાંચ અને પાણસ્સમાં છ આગાર છે. ॥૧૬॥

**ચઉ ચરિમે ચઉ-ભિગ્ગહિ, પણ પાવરણે નવટ્ઠ નિવ્વીએ ।**
**આગારુક્ખિત્ત-વિવેગ-મુત્તું દવ વિગઈ નિયમિ-ટ્ઠ ॥૧૭॥**

ચરિમમાં ચાર, અભિગ્રહમાં ચાર, પ્રાવરણમાં પાંચ અને નીવિમાં નવ અથવા આઠ આગાર છે ત્યાં દ્રવ્યવિગઈના ત્યાગમાં "ઉક્તિતૃત્તવિવેગણ" આગાર છોડીને બાકીના આઠ છે. ॥૧૭॥

**અન્ન સહ દુ નમુકારે, અન્ન સહ પ્પચ્છ દિસ ય સહુ સવ્વ ।**
**પોરિસિ છ સડ્ઢપોરિસિ, પુરિમડ્ઢે સત્ત સમહત્તરા ॥૧૮॥**

નવકારસીમાં અન્નત્થ - લાભોગેણં: સહસાગારેણં:એ બે, પોરિસીમાં ને સાર્થપોરિસીમાં અન્ન૦ સહ૦ પચ્છન્ન૦ દિસામો૦ સાહુવ૦ સવ્વસમા૦ છ, અને પુરિમડ્ઢમાં મહત્તરા૦ સહિત સાત આગારો છે. ॥૧૮॥

**અન્ન સહસ્સાગારિ અ, આઉંટણ ગુરુ પારિ મહ સવ્વ ।**
**એગબિઆસણિ અટ્ઠ ઉ, સગ ઈગઠાણે અઉંટ-વિણા ॥૧૯॥**

એકાસન અને બિઆસણમાં અન્નત્થ૦ સહસા૦ સાગરિઆ૦ આઉટણ૦ ગુરુ અબ્બુ૦ પારિટ્ઠા૦ મહત્તરા૦ અને સવ્વસમાહિ૦ એ આઠ અને એકલઠાણામાં આઉટણપસારેણં વિના સાત આગાર છે. ॥૧૯॥

**અન્ન સહ લેવા ગિહ, ઉક્ખિત પડુચ્ચ પારિ મહ સવ્વ ।**
**વિગઈ નિવ્વિગએ નવ, પટ્ટુચ્ચ-વિણુ અંબિલે અટ્ઠ ॥૨૦॥**

વિગઈ અને નીવિમાં અન્નત્થણા૦ સહસા૦ લેવાલેવે૦ ગિહત્થસં૦ ઉકિખત્તવિવે ૦ પડુચ્ચ ૦ પારિટ્ઠા૦ મહત્તરા૦ સવ્વસમાહિ ૦ એ નવ, અને આયંબિલમાં પડુચ્ચમક્ખિએણં વિના આઠ આગાર છે. ॥૨૦॥

**અન્ન સહ પારિ મહ સવ્વ, પંચ ખવણે છ પાણી લેવાઈ ।**
**ચઉ ચરિમંગુટ્ઠાઈ, ભિગ્ગહિ અન્ન સહ મહ સવ્વ ॥૨૧॥**

ઉપવાસમાં અન્નત્થણા૦ સહસા૦ પારિટ્ઠા૦ મહત્તરા ૦ સવ્વસમાહી૦ એ પાંચ,પાણસ્સમાં લેવેણ વા આદિ છ, તથા ચરિમમાં, અગુટ્ઠસહિયં વગેરેમાં અને અભિગ્રહમાં અન્નત્થણા૦ સહસા૦ મહત્તરા૦ સવ્વસમાહી૦ એ ચાર આગાર છે. ॥૨૧॥

**દુદ્ધં મહુ મજ્જ તિલ્લં, ચઉરો દવવિગઈ ચઉર પિંડદવા ।**
**ઘય ગુલ દહિયં પિસિયં, મક્ખણ પક્કન્ન દો પિંડા ॥૨૨॥**

દુધઃ મગઃ મદિરાઃ ને તેલઃ એ ચાર દ્રવ-વિગાઈ, ઘીઃ ગોળઃ દહીંઃ ને માંસઃ એ ચાર પિંડદ્રવ વિગઈ, તથા માખણઃ અને પક્વાન્નઃ એ બે પિંડ વિગઈ છે. ॥૨૨॥

**પોરિસિ સડ્ઢ, અવડ્ઢં, દુભત્ત નિવ્વિગઈ પોરિસાઈ સમા ।**
**અંગુટ્ઠ-મુટ્ઠિ-ગંઠી, - સચિત્ત-દવ્વાઈ-ભિગ્ગહિયં ॥૨૩॥**

પોરિસીઃ અને સાડ્ઢપોરિસીમાં, અવડ્ઢમાં, બેઆસણામાં આયંબિલમાં પોરિસી (પુરિમઢ્ઢ, એકાસણું, નિવી) વગેરે પ્રમાણે હોય છે. અંગુટ્ઠ - મુટ્ઠિ- ગંઠિસહિતઃ સચિત્ત દ્રવ્યાદિકઃ અને અભિગ્રહમાં પણ સરખા હોય છે. ॥૨૩॥

**વિસ્સરણ - મણાભોગો, સહસાગરો સયં મુહપવેસો ।**
**પચ્છન્નકાલ મેહાઈ, દિસિ-વિવજ્જાસુ દિસિમોહો ॥૨૪॥**

અનાભોગઃ ભૂલી જવું, સહસાગારઃ અચાનક મોઢામાં આવી પડવું, પ્રચ્છન્નકાલઃ વાદળાં વગેરેથી, દિગ્મોહઃ દિશા ભૂલી જવી. ॥૨૪॥

**સાહુવયણ ઉગ્ઘાડા, પોરિસી તણુ-સુત્થયા સમાહિતિ**
**સંઘાઈકજ્જ મહત્તર, ગિહત્થ-બંદાઈ સાગારી ॥૨૫॥**

સાધુવચનઃ "ઉગ્ઘાડા પોરિસી" શબ્દો, સમાધિ શરીરની સ્વસ્થતા, મહત્તરઃ સંઘાદિકનું કામ, સાગારિકઃ ગૃહસ્થ બન્દી, વગેરે. ॥૨૫॥

**આઉંટણ-મંગાણં, ગુરુ-પાહુણ-સાહુ ગુરુઅભુટ્ઠાણં ।**
**પરિઠાવણવિહિ-ગહિએ, જઈણ પાવરણિ કડિપટ્ટો ॥૨૬॥**

આકુંચન (પ્રસારણ): શરીરનાં અંગોનું ગુરુઅભ્યુત્થાનઃ ગુરુ, પ્રાધુર્ણિક સાધુ નિમિત્તે ઉભા થવું. મુનિઓને પરિઠાવણઃ પરઠવવા યોગ્યને વિધિપૂર્વક ગ્રહણ કરવાનું અને પ્રાવરણઃ ચોલ પટ્ટો લેવાનો હોય છે. ॥૨૬॥

**ખરડિય લૂહિઅ ડોવાઈ, લેવ સંસટ્ઠ ડુચ્ચ મંડાઈ ।**
**ઉક્ખિત્ત પિંડ વિગઈસ, મક્ખિયં અંગુલીહી મણા ॥૨૭॥**

લેપાલેપઃ ખરડાયા પછી લૂછી નાખેલી કડછી વગેરે આશ્રયી, સંગૃષ્ટઃ શાક અને માંડા વગેરેને સ્પર્શ થયો હોય, ઉત્ક્ષિપ્તઃ કઠણ વિગઈ મૂકીને ઉપાડી લીધી હોય, મ્રક્ષિતઃ આંગળી વગેરેથી સ્હેજ ચોપડેલ હોય છે. ॥૨૭॥

**લેવાડં આયામાઈ, ઈઅર સોવીરમચ્છ- મુસિણજલં ।**
**ધોઅણ બહુલ સસિત્થં, ઉસ્સેઈમ ઈઅર સિત્થ વિણા ॥૨૮॥**

ઓસામણ વગેરે લેપકૃત્: અલેપકૃત્: કાંજી વગેરે. અચ્છઃ ઉષ્ણ જળ, બહુલઃ ધોવણ, સસિક્થઃ ઉત્સેદિત - દાણા, આટા વગેરે સહિત, અસિક્થઃ દાણા આટા, વગેરે રહિત ॥૨૮॥

**પણ ચઉ ચઉ ચઉ દુ દુવિહ, છ ભક્ખ દુદ્ધાઈ વિગઈ ઈગવીસે ।**
**તિ દુ તિ ચઉવિહ અભક્ખા, ચઉ મહુમાઈ વિગઈ બાર ॥૨૯॥**

દુધ વગેરે છ ભક્ષ્ય વિગઈઓ - પાંચ - ચાર - ચાર ચારઃ બે અને બે પ્રકારે એમ એકવીસ થાય છે. મધ વગેરે ચાર અભક્ષ્ય વિગઈઓ ત્રણઃ બેઃ ત્રણઃ અને ચારઃ પ્રાકારે, એમ બાર થાય છે. ॥૨૯॥

**ખીર ઘય દહિઅ તિલ્લં, ગુડ પક્કન્નં છ ભક્ખ વિગઈઓ**
**ગો-મહિસી-ઉટ્ટિ-અય-એલગાણ પણદુદ્ધ અહ ચઉરો ॥૩૦॥**
**ઘય દહિઆ ઉટ્ટિ-વિણા, તિલ સરિસવ અયસિલટ્ટ તિલ્લચઉ**
**દવગુડ પિંડગુડા દો, પક્કન્નં તિલ્લ-ઘય-તલિયં ॥૩૧॥**

**૧૦ વિગઈઓ અને તેના ૩૩ પેટા ભેદો**

દૂધઃ ઘીઃ દહીંઃ તેલઃ ગોળ અને પકવાન્નઃ ભક્ષ્યવિગઈઓ છે. ગાયઃ ભેંસઃ ઉંટડીઃ બકરી અને ઘેટીનું એ પાંચ પ્રકારે દૂધ, હવે ચાર પ્રકારે ॥૩૦॥ ઘી તથા દહીં તે ઉંટડી વિના, તલ-સરસવઃઅળસી અને કસુંબી તેલ.

ઢીલો ગોળ એ કઠણ ગોળઃ એમ બે પ્રકારે ગોળ અને તેલમાં, અને ઘીમાં તળેલ પકવાન્નઃ ॥૩૦-૩૧॥

**પયસાડી-ખીર-પેયા-વલેહિ દુદ્ધટ્ટિ દુદ્ધ વિવઈગયા ।**
**દક્‌ખ બહુ અપ્પ તંદુલ, તચ્ચુન્નં-બિલસહિઅ દુદ્ધે ॥૩૨॥**

## ૬. ત્રીસ નિવિયાતાં

### ૧. દુધનાં નિવિયાતાં

ધરાખઃ ઘણા અને થોડા ચોખાઃ ચોખાનો આટોઃ અને ખાટા પદાર્થઃ સહિત દૂધ, તે પયસાડીઃ ખીરઃ પેયાઃ અવલેહીકા (ચટાય તેવી) રાબઃ દુગ્ધાટીઃ દુધ વિગઈ સંબંધી છે. ॥૩૨॥

**નિબ્ભંજણ વીસંદણ, પક્કોસહિતરિય કિટ્ટિ પક્કઘયં ।**
**દહિએ કરંબસિહરિણિ, સલવણ-દહિ ઘોલ ઘોલવડા ॥૩૩॥**

### ૨. ઘીના અન ૩. દહીંના પાંચ પાંચ નિવિયાતાં

દાઝીયું : દહીંની તર અને આટો પકાવેલું ઘીઃ ઔષધિઓ નાખીને ઉકાળેલા ઘીની તરી, કીટ્ટીઃ અને કાંઈ નાખીને ઉકાળેલ ઘી. દહીંના - કરંબોઃ શિખંડઃ મીઠાવાળું દહીંઃ કપડે છણેલું દહીં અને તે (છણેલું) વડાવાળું દહીંઃ ॥૩૩॥

**તિલકુટ્ટી નિબ્ભંજણ, પક્કતિલ પક્કુસહિ તરિય તિલ્લમલી ।**
**સક્કર ગુલવાણય પાય ખંડ અદ્ધકટિ ઈક્ખુરસો ॥૩૪॥**

**૪. તેલ અને ૫. ગોળનાં પાંચ પાંચ નિવિયાતાં**

તિલવટીઃ બાળેલું તેલઃ ઔષધિ નાખી ઉકાળેલું તેલ પકવેલી ઔષધિની તલનું તેલઃ અને તેલની મલીઃ તથા સાકરઃ ગળમાણુંઃ પાયો કરેલો ગોળઃ ખાંડ અને અર્ધ ઉકાળેલ શેલડીનો રસઃ (એ પાંચ ગોળના નિવિયાતાં છે.) ॥૩૪॥

**પૂરિય તવ પૂઆ બીય-પૂઅ તન્નેહ તુરિય ઘાણાઈ ।**
**ગુલહાણી જલલપ્પસિ, ય પંચમો પૂત્તિકય-પૂઓ ॥૩૫॥**

**૬. પક્વાન્નનાં પાંચ નિવિયાતાં**

આખી તવીમાં સમાય તેવડા એક પૂડલા પછીનો બીજો પૂડલોઃ તે જ સ્નેહમાંનાો ચોથો વગેરે ઘાણઃ ગોળ ઘાણીઃ જળલાપસીઃ અને પાંચમો - પોતું દઈ તળેલોઃ પુડલોઃ ॥૩૫॥

**શુદ્ધ દહીં ચઉરંગુલ, દવ ગુડ ઘય તિલ્લ એગ ભત્તુવરિ ।**
**પિંડગુલ મક્ખણાણં, અદ્દામલયં ચ સંસઠ્ઠં ॥૩૬॥**

**૭. સંસૃષ્ટ દ્રવ્ય**

ખાવાની વસ્તુ ઉપર દૂધઃ અને દહીંઃ ચાર આંગળ,

ઢીલો ગોળઃ ઘીઃ અને તેલઃ એક - એક આંગળ હોય, કઠણ ગોળ અને માખણના પીલુના મ્હોર જેવડા કકડા હોય, તો સંસુષ્ટઃ (કહેવાય) ॥૩૬॥

**દવ્વહય વિગઈ વિગઈ - ગયં પુણો તેણ તં હયં દવ્વં ।**
**ઉદ્ધરિએ તત્તંમિ ય, ઉક્કિટ્ઠ-દવ્વં ઈમં યન્ને ॥૩૭॥**

**૮. નીવિયાતાનું લક્ષણ અને મતાન્તરે બીજું નામ**

દ્રવ્યથી હણાયેલી વિગઈઃ અને તે કારણથી તે વડે હણાયેલું દ્રવ્યઃ તળતાં વધેલુંઃ ઘી વગેરેઃ તેમાં નાંખેલું તે દ્રવ્ય પણઃ નીવિયાતું છે. બીજા આચાર્ય ભગવંતો એને ઉત્કૃષ્ટ દ્રવ્ય (કહે છે). ॥૩૭॥

**તિલસક્કુલિ વરસોલાઈ, રાયણંબાઈ દક્ખવાણાઈ ।**
**ડોલી તિલ્લાઈ ઈઅ, સરસુત્તમ દવ્વ લેવકડા ॥૩૮॥**

**૯. સરસોત્તમ દ્રવ્ય**

તલસાંકળીઃ વરસોલાં વગેરેઃ રાયણ અને કેરી વગેરે તથા દ્રાક્ષનું પાણી વગેરેઃ ડોળીયું અને તેલ વગેરેઃ એ સરસ -ઉત્તમ દ્રવ્ય અને લેપકૃત કહેવાય છે. ॥૩૮॥

**વિગઈ ગયા સંસટ્ઠા, ઉત્તમદવ્વા ય નિવ્વિગઈયંમિ ।**
**કારણજાયં મુત્તું, કપ્પંતિ ન ભુવં જં વુત્તં ॥૩૯॥**

## ૧૦. નીવિયાતાંઃ સંસુષ્ટઃ અને ઉત્તમ દ્રવ્યોની કલ્પ્યા ડકલ્પ્યતા

નીવિમાં - નિવિયાતાંઃ સંસૃષ્ટ દ્રવ્યોઃ અને ઉત્તમ દ્રવ્યોઃ કોઈ ખાસ કારણ હોય તે સિવાય ખાવાં ન કલ્પે, કેમ કે કહ્યું છે કે - ॥૩૭॥

**વિગઈ વિગઈભીઓ, વિગઈગયં જો અ ભુંજએ સાહૂ ।**
**વિગઈ વિગઈ-સહાવા વિગઈ વિગઈં બલા નેઈ ॥૪૦॥**

## ૧૧. વિગઈ અને નીવીયાતાં ખાવાથી નુકસાન

દુર્ગતિથી ભય પામેલા જે મુનિરાજ વિગઈ અને નીવીયાતાં ખાય, તેથી વિકારી સ્વાભાવવાળી વિગઈઓ વિકારરૂપ હોવાથી બળાત્કારે દુર્ગતિમાં લઈ જાય છે. ॥૪૦॥

**કુત્તિય મચ્છિય ભામર, મહું તિહા કટ્ઠ પિટ્ઠ મજ્જ દુહા ।**
**જલચલ ખગ મંસતિહા, ઘયવ્વ મક્ખણ ચઉ આભક્ખા ॥૪૧॥**

## ૧૨. ચાર અભક્ષ્ય મહાવિગઈઓ

કુંતાઃ માખીઃ અને ભમરીનું મધ- ત્રણ પ્રકારે, કાષ્ઠઃ અને લોટની મદિરા - બે પ્રકારે, જળચરઃ સ્થલચરઃ અને ખચરઃનું માંસ ત્રણ પ્રકારે, તથા ઘીની પેઠે માખણ ચાર પ્રકારે છે. એ અભક્ષ્ય છે. ॥૪૧॥

મણ વયણ કાય મણવય, મણતણુ વયતણુ તિજોગિ સગસત્તા ।
કર કારણુમઈ દુ તિ જુઈ, તિકાલિ સીયાલ-ભંગ-સયં ॥૪૨॥

### ૭. બે પ્રકારે પચ્ચક્ખાણના ભાંગા

મન: વચન: કાયા: મન: વચન: મન - કાયા: વચન - કાયા: અને ત્રિસંયોગે: કરવું, કરાવવું, અનુમોદવું, બબ્બેના અને ત્રણેયના યોગે, સાતીયા સાત, અને ત્રણ કાળ, એકસો સુડતાલીસ ભાંગા ॥૪૨॥

એયં ચ ઉત્તકાલે, સયં ચ મણ વયણ તણૂહિ પાલણિયં ।
જાણગડજાણગ પાસી ત્તિ ભંગ ચઉગે તિસુ અણુન્ના ॥૪૩॥

એ પચ્ચક્ખાણ શાસ્ત્રમાં કહેલા કાળ પ્રમાણે અને પોતે મન- વચન - કાયાથી પાળવું, તથા - જાણ: અને અજાણ: પાસેથી એમ ચાર ભાંગામાં ત્રણ ભાંગાની આજ્ઞા છે. ॥૪૩॥

ફાસિય પાલિય સોહિય, તીરિય કિટ્ટિય આરાહિઅ છ શુદ્ધં
પચ્ચક્ખાણં ફાસિય વિહિણોચિય-કાલિ જં પત્તં ॥૪૪॥

### ૮. પચ્ચક્ખાણની છ શુદ્ધિઓ

સ્પર્શિત: પાલિત: શોધિત: તીરિત: કીર્તિત: અને આરાધિત: એ છ શુદ્ધિ છે અને વિધિપૂર્વક જે પચ્ચક્ખાણ યોગ્ય વખતે લીધું હોય તે સ્પર્શિત: ॥૪૪॥

**પાલિય પુણ પુણ સરિયં, સોહિય ગુરુદત્ત સેસ ભોયણઓ ।**
**તીરિય સમહિય કાલા, કિટ્ટિય ભોયણ સમય સરણા ॥૪૫॥**

વારંવાર સંભાર્યું હોય - તે પાલિત, ગુરુ મહારાજને વ્હોરાવ્યા પછી વધેલાનું ભોજન, તે શોધિતઃ કંઈક અધિક કાળ થવા દેવો તે તીરિતઃ અને ભોજન વખતે સંભારવું, તે કીર્તિતઃ ॥૪૫॥

**ઈઅ પડિઅરિઅં આરાહિયં તુ અહવા છ શુદ્ધિ સદ્દહણા ।**
**જાણણ વિણયડશુભાસણ અણુપાલણ ભાવસુદ્ધિત્તિ ॥૪૬॥**

એ પ્રમાણે બરાબર જાળવેલું, તે આરાધિત અથવા પચ્ચક્ખાણ (તરફ) શ્રદ્ધા જાણપણુંઃ વિનયઃ અનુભાષણઃ અનુપાલન અને ભાવશુદ્ધિઃ એ પ્રકારે છ શુદ્ધિઓ છે. ॥૪૬॥

**પચ્ચક્ખાણસ્સ ફલં, ઈહ પરલોએ ય હોઈ દુવિહં તુ ।**
**ઈહલોએ ધમ્મિલાઈ, દામન્નગ-માઈ પરલોએ ॥૪૭॥**

## ૯. બે પ્રકારનું ફળ

એ લોકમાં અને પરલોકમાં એમ બે પ્રકારે પચ્ચક્ખાણનું ફળ છે. તેમાં આ લોકમાં ધમ્મિલકુમારઃ અને પરલોકમાં દામન્નકઃ વગેરે ॥૪૭॥

**પચ્ચક્ખાણમિણ સેવિઉણ, ભાવેણ જિણવરુદિટ્ઠં ।**
**પત્તા અણંતજીવા, સાસય-સુક્ખં અણાબાહં ॥૪૮॥**

શ્રી જિનેશ્વર ભગવંતોએ ઉપદેશેલ આ પચ્ચક્ખાણને ભાવપૂર્વક આદરીને અનન્ત જીવો બાધા રહિત શાશ્વત્ સુખ પામ્યા છે. ॥૪૮॥

**॥ ત્રણ ભાષ્યના ગાથાર્થ સંપૂર્ણ ॥**



# પ્રીતલડી બંધાણી રે...

પ્રીતલડી બંધાણી રે, અજિત જિણંદશુ,
પ્રભુ પાખે ક્ષણ એક મને ન સુહાય જો,
ધ્યાનની તાળી રે લાગી નેહશું
જલદઘટા જિમશિવસુતવાહન દાયજો..પ્રીતલડી.।।૧।।
નેહ ઘેલું મન મારું રે પ્રભુ અલજે રહે,
તન મન ધન એ કારણથી પ્રભુ મુજ જો,
મારે તો આધાર રે સાહિબ રાવળો,
અંતરગતની પ્રભુ આગળ કહું ગુંજ જો,પ્રીતલડી.।।૨।।
સાહેબ તે સાચો રે જગમાં જાણીએ,
સેવકનાં જે સહેજે સુધારે કાજ જો,
એ હવે રે આચરણે કેમ કરી ને રહું,
બિરુદ તમારું તારણ તરણ જહાજ જો, પ્રીતલડી.।।૩।।
તારકતા તુજ માંહે રે શ્રવણે સાંભળી,
તે ભણી હું આવ્યો છું દીનદયાળ જો,
તુજ કરૂણાની લહેરે રે મુજ કારજ સરે,
શું ઘણું કહીએ જાણ આગળ કૃપાળ જો, પ્રીતલડી.।।૪।।
કરૂણાદૃષ્ટિ કીધી રે સેવક ઉપરે,
ભવ ભય ભાવઠ ભાંગી ભક્તિ પ્રસંગ જો,
મનવાંછિત ફળિયા રે તુજ આલંબને,
કર જોડીને મોહન કહે મનરંગ જો, પ્રીતલડી.।।૫।।